સાચો સ્વામિ વાત્સલ્ય. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. અંક ૫ મો. | સંવત ૧૯૮૭ ના મહા સુદી ૧૫. તા૦ ૨-૨-૩૧ | છુટક નકલ : ાા આનો. |

## નોંધ અને ચર્ચા.

**જૈન યુવક સમેલન :**

ગઇ સાલ જૈન યુવક સંમેલન અથવા તો જૈન યુવાનોની આદ્યમિક સભા લગભગ આ સમયમાં મળી હતી, ને શ્રી મુંબઇ જૈન યુવક સંઘે તે ભરવાની ગોઠવણ કરી હતી. તે પછી જુન્નેર કોન્ફરન્સની બેઠક ભરાઇ હતી. યુવકોએ આદ્યમિક સભામાં નિર્ણીત કરેલા વિષયોમાં તથા બીજા કોન્ફરન્સની બેઠકમાં ચર્ચવાના સવાલોને અંગે સારી એકતા જાળવી હતી ને કોન્ફરન્સના કાર્યક્રમના રૂપમાં ઉચિત ફેરફાર કરાવ્યો હતો. આજે તે સંમેલનને ભરાયાને લગભગ એક વરસ પૂરૂં થયું છે. યુવકોના સંમેલનની આવશ્યકતા માટે યુવકોમાં બે મત હોઇ શકે નહિં. ટુંક સમયમાંજ કોન્ફરન્સની બેઠક મળે તેવા સંયોગો જણાતા નથી, પણ યુવાનોએ યુવકોના મંડળોના પ્રતિનિધીઓએ મળવાની ખાસ જરૂર છે. ગઇ સાલ આપણે મુંબઇમાં મળ્યા હતા. આ સાલ ગુજરાતના મધ્યસ્થાનમાં સંમેલન મળે એ ઇચ્છવા યોગ્ય છે. જેથી જુદા જુદા સ્થળના યુવાનો સારી સંખ્યામાં ઓછે ખર્ચે સંમેલનમાં ભાગ લઇ શકે. વૈશાખ માસ ગુજરાતમાં લગ્ન ગાળાનો ગણાય છે, તે માસમાં મુંબઇમાં રહેતા જુદા જુદા ગામના જૈન યુવાનો પોતાના મૂળ વતનમાં સ્વાભાવિક રીતે જાય છે એટલે વૈશાક માસની આસપાસનો સમય સંમેલન માટે વધારે અનુકુળ થઇ પડશે. ગઇ સાલના સંમેલનમાં એક અગત્યનો વિષય ચર્ચવો રહી ગયો હતો. તે યુવક સંઘોના યુવકોના સંગઠ્ઠનનો, તેને લીધે ગયા વરસમાં જુદા જુદા યુવક સંઘોની કાર્યપ્રણાલિકામાં સહકાર સાધી શકાયો નથી.

આ વરસના સંમેલનના તે પ્રશ્નને છણવો ખાસ જરૂરનો છે. તે વગર એક બીજા યુવક સંઘો અરસપરસ મદદ કરનારા નીવડી શકતા નથી. સ્થાનિક સંજોગો ઘણે સ્થળે એવા હોય છે ત્યાંના યુવાનો જોઇએ તેવું કાર્ય કરી શકતા નથી. પણ જો જુદા જુદા યુવક સંઘોનો તેઓને ટેકો છે તેવી ખાત્રી તેમને મળે તો તેઓ પોતાના ક્ષેત્રમાં કાર્ય કરી શકશે. માટે વરસ દરમ્યાન જુદા જુદા યુવક સંઘો અગર યુવકોના મંડળો સાથે મળીને કેવી રીતે કાર્ય કરી શકે તેની રૂપરેખા આ વખતના સમેલનમાં ખાસ કરીને નક્કી થવી જોઇએ. બીજા એવા ઘણા સવાલો અગાઉના ઉપસ્થિત થયેલા છે કે તેના ઉકેલ માટે સંમેલન ખાસ ભરવાની જરૂર છે. આ બાબતની જવાબદારી વડોદરા, પાટણ, પાલણપુર કે ખંભાત મંડળોમાંથી કોઇ એક ઉપાડી લેવા તૈયાર થશે તો આ બાબતને લગતા બીજા વિચારો અમે જણાવીશું. યુવક સંમેલનની આવશ્યકતા સંબંધી અન્ય લેખકોને પોતાના વિચારો જણાવવા અપીલ કરીએ છીએ.

રા. રા. શીવજી ચત્રભુજ શાહ, બી. એ.



મુલુંડના કાર્યકર્તા, શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્ય તથા કચ્છી કોમની સંસ્થાના કાર્યકર્તા તેઓ થોડા દિવસ પહેલાં જેલમાંથી છુટી આવ્યા છે.

**કો. ની બેઠક ભરવાની આવશ્યકતા.**

શ્રી જુન્નેર મુકામે કોન્ફરન્સ ભરાયા બાદ કાર્યક્રમમાં સારી જાગૃતિ આવી હોય તેમ દેખાય છે. આ બેઠકમાં સુધારક વિચારના રૂઢી તેમજ કાર્ય માટે અધીરા બનેલા યુવકોનો લગભગ સુયોગ થયો છે. અત્યારે કોમી સુધારા માટે વાતાવરણ એકદમ તૈયાર છે. યુવાનોએ પોતાના આત્મભોગથી દેશોન્નતિના કામ ન્યારી રીતે ઉપાડી લીધું છે અને કોમ એ દેશનું અંગ છે, અને નાના વિભાગો સુધારવા માટે અત્યારે સારી જનતાનો અપૂર્વ ટેકો છે. જો વાતાવરણ તે માટે અનુકુળ હોવા છતાં સુધારાઓ હજુ સુધી અટકી પડ્યા છે. યુવાનો તે માટે તલપાપડ થઇ રહ્યા છે અને આત્મભોગ આપવાની ભાવના પ્રસરી રહી છે. સમયે યુવાનો એકત્ર થઇ કોન્ફરન્સની બેઠક ભરવા મક્કમ થાય અને આગલી કાર્ય ઝુંબેશ ઉપાડે તો વડીલ વર્ગનો સહકાર જરૂર મેળવી શકશે અને કોમ તેમજ દેશના હિત માટે એક પગલું આગળ જરૂર વધશે. ફક્ત સુંદર ભાષણો કરી કે લખીને બેસી રહેવાથી કોમની દુઃખદ સ્થિતિમાંથી સુધારો થવાનો સંભવ નથી. એટલા માટે જ્યાં જ્યાં પ્રાન્તિક સમિતિ કે પેટા સમિતિઓ ન હોય ત્યાં ત્યાં યુવાનોએ સહકાર આપી એકદમ સમિતિઓ સ્થાપી દેવી જોઇએ અને જૈન મહાસભાનું કાર્ય આગળ વધારવું જોઇએ આશા છે કે યુવાનો આ સુંદર તકનો લાભ લઇ, સંગઠીત બની, પોતાનું સમેલન તાત્કાલીક ભરશે અને પોતાનું બળ એકત્ર કરી વડીલ વર્ગના સહકારથી કાર્યને અમલમાં મુકવામાં આગેવાની લેશે. [જુઓ પાનું ૬ ઠું.]

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# સાચો સ્વામિવચ્છલ.

અનેક વર્ષોની ટેવથી સતેજ બનેલી જીભ્હા ઇન્દ્રિના સ્વાદે જમણવારોને ધાર્મિક બ્હાના નીચે ઢાંકી બેસાડી વાત વાતમાં જમણવારો પાછળ હજારો બલ્કે લાખો રૂપીયાના ધુમાડા કરી નખાવી સમાજના નાણાંનો દુરઉપયોગ કરવામાંજ અમુક ટોળી મહત્તા સમજે છે,-ધર્મ સમજે છે. જે સમાજમાં કેળવણીના, હુન્નર ઉદ્યોગના, શારિરીક સંગઠ્ઠ અને આરોગ્ય જીવનોના, વિધવાશ્રમોના, સાધનોની ઉણપ હોય, અરે! આવા બેકારીના પ્રસંગે જેમને બે ટાણાં પેટનો ખાડો પુરો કરવાની મુશ્કેલી હોય તેવા કરોડકરીના ટાણે સમાજના પૈસાનો ઉપયોગ જમણવારો પાછળ કરવામાં શ્રી વિજયાનંદસૂરીશ્વરજીના શબ્દોમાં કહીયે તો 'गधे सुरकनी' એટલે ગધાડાં ભડકાવવા જેવો થાય છે. એમાં લગારે ખોટું નથી.

ધર્મના નામે જમણવારોને ખાટલી મહત્તા આપનાર પેલી ત્રીપુટીની એ તો મહેચ્છા નથીને? કે જનતાને લાલચુ બનાવી શાહુકારોનું ટોળું મોટું કરી કોઇ નવોજ પંથ સ્થાપવો? અઢારમી સદીમાં વિચરતા હોત તો કદાચ શીરાના સાથે ભકતો વધત, પણ આતો વીસમી સદી ને તે પણ મોંઘી યુગ એટલે લાલચનો માર્યો કોઇ ટોળામાં ભળે ને ટોળું મોટું થાય એ અશક્યતરીથી જમણવારો થતા હોય તો ભીંત ભુલવા લાગો છો. બાકી તમે અને તમારા હાલના ભકતો સિવાય બીજાતો તમારા વિનાશક રસ્તાને ટેકો તો નહિ આપે પણ દલીલોથી સામનો કરશે. ગુડાશાહી તમને મુબારક.

રામવિજયજી તમે તમારી બેરકીએ નાચતા પેલા નામધારી આચાર્ય લબ્ધીસૂરી, આ પ્રમાણે દેવામાંથી બેઠા ઉભા કરી શાહુકારોનું ટોળું મોટું કરશો જતાં સદગત્ શ્રી વિજયાનંદ સૂરીશ્વરજીના ઉપદેશ ઉપર પગ મૂકો છો? આથી અમકરીા નહિ, કારણકે જે મનુષ્યો સમાજ કે દેશને છીન્નભીન્ન કરવાનાં કૃત્યો કરે છે. એટલે વેર ઝેરના અંગારા વેરી આગ લગાડે છે તેવા દેશદ્રોહીઓ કે સમાજદ્રોહીઓ ડગલે ને પગલે ખારીવાત સાંભળતાં ચુક્યા ઉઠે છે. દાખલા તરીકે સદગત સૂરીશ્વરજીએ પચાસ વર્ષ ઉપર લખેલા કાગળને દેખતાંજ ધ્રુજી ઉઠયા અને સમાજને ઉંધા પાટા બંધાવવા ફાવટની તરકીબની જાળ બીછાવી પણ એ જાળને ચીરનાર આહ્વાન સાંભળી ચુપચાપ થઇ ગયા તેમ આમાં ચુપકી ન સેવતાં કંઇક ખુલાસો કરશો.

સ્વામીવચ્છલ કોને કહેવો તે અંગે 'જૈન ધર્મ વિષયક પ્રશ્નોત્તર'માં સદ્ગત્ શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી પાને ૧૬૯ ૧૫૧ માં પ્રશ્નનો જવાબ આપતાં વદે છે કે.

'और श्रावकका पुत्र धनहीन होवे तिसकों किसीका रोजगारमें लगाके तिसके कुटुंबका पोषण होवे ऐसे करे, तथा जिस काममें सीदाता होवे तिसमें मदत करे, यह साहाम्मिवच्छल है, परंतु यह न समजना के हम किसी जगे जिनमंदिर बनानेकों और बनिये लोकोंके जिमावने रुप साहाम्मिवच्छलका निषेध करते है, परंतु नामदारी के वास्ते जिनमंदिर बनवानेमें अल्पफल कहते है, और इस गामके बनीयोंने उस गामके बनियोंको जिमाया और उस गाम वालोंने इस गामके बनियोंको जिमाया, परंतु साहाम्मिको सहाय करनेकी बुद्धिसें नहि, तिसको हम साहाम्मिवच्छल नहि मानते है' किंतु गधे सुरकनी मानते है.'

અર્થ—અને શ્રાવકનો પુત્ર ધન વગરનો હોય તેને કોઇ પણ રોજગારમાં લગાડી તેના કુટુંબનું પોષણ થાય તેમ કરે, તથા જે કામમાં દુઃખી હોય તેમાં મદદ કરે એ સ્વામિવચ્છલ છે, પણ એવું ન સમજવું કે હું કોઇ જગ્યાએ જૈન મંદિર બનાવવા માટે અને વાણીઆ લોકોને જમાડવા સરખા સ્વામિવાચ્છલને નિષેધ કરૂં છું, પણ નામના માટે જૈન મંદીર બનાવવામાં અલ્પ ફળ કહે છે, અને એ ગામના વાણીયાઓએ પેલા ગામના વાણીયાઓને જમાડયા, અને પેલા ગામ વાળાઓએ એ ગામના વાણીયાઓને જમાડયા પણ સ્વામિભાઇને સ્હાય કરવાની બુદ્ધિથી નહિ, તેને હું સ્વામિવાચ્છલ માનતો નથી, પણ ગધેડાનું ભુકવું માનું છું.

સદ્ગત્ સૂરીશ્વરજી માટે સમગ્ર જૈન સમાજને ભારે માન છે, તેમ રામલબ્ધીની જોડી પણ એમ દાવો કરે છે કે અમને તો તેમના પ્રત્યે માન છે એટલુંજ નહિ પણ તેમના પગલે ચાલવાને બંધાયેલા છીએ. આ વાત સાચી છે કે દંભ છે? જો તેઓશ્રીના પગલેજ ચાલવા માગતા હો તો આપ અનેકવાર જાહેર કરી ચુકયા છે. અને કરો છો કે 'અમે શ્રાવકને સુખી ઇચ્છીયે નહિ' ત્યારે સદ્ગત સૂરીશ્વરજી કહે છે કે 'શ્રાવકનો પુત્ર ધન વગરનો હોય તેને કોઇ પણ રોજગારમાં લગાડી તેના કુટુંબનું પોષણ થાય તેમ કરે' તથા જે કામમાં દુઃખી હોય તેમાં મદદ કરે, શ્રાવકને દરેક રીતે સુખી ઇચ્છનાર સૂરીશ્વરજીના ઉપદેશ આગળ આપનો દ્વેષ ભર્યો ઉપદેશનો મુકાબલો કરતાં દીવા જેવું સમજાય છે કે આપ તેમનાથી ઉલટોજ ઉપદેશ આપી રહ્યા છો, તેનો ખ્યાલ કરશો?

સૂરીશ્વરજી સ્વામિવચ્છલની જે વ્યાખ્યા કરે છે તે આપના ઉપદેશથી ઉલટી જતી હોવાથી આપને કુવારી છુટશે કારણ કે આપ તો જમણવારો કરવા માટે આંખ મીંચીને આપના ભકતોને ઉપદેશી લાખોના ધુમાડા કરાવી રહ્યા છો. લગાર જૈન સમાજની સ્થિતિનો ખ્યાલ કરી ગુરૂજીએ દેખાડેલો રસ્તો પકડો. જો કે આપે જે રીત અંગીકાર કરી છે તે ઉપરથી આપને અસર થવી મુશ્કેલ છે. છતાં સમાજની સ્થિતિનો ખ્યાલ કરીનેજ સૂરીશ્વરજીના ઉપદેશ તરફ આપ નામદારનું ધ્યાન ખેંચવામાં આવે છે અને હમણાંજ પેલા ઉત્પન્ન થયેલા વીસ હજારનો આપે કબજો લઇને પારકા છોકરાઓને ખરીદવામાં વાપરવાનો વિચાર રાખ્યો હોય તેના કરતાં સમાજના હિતાર્થે વાપરી સૂરીશ્વરજીના પગલે ચાલશો તોજ સદ્ગત્ સૂરીશ્વરજીના સાચા શિષ્ય ગણાશો, નહિ તો લોક દંભી અને નામધારી શિષ્ય તરીકે સંબોધશે.

---

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને અગત્યની સુચના.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સામાન્ય વાર્ષિક સભા તા૦ ૧૪-૨-૩૧ માહ વદ ૧૨ ને વાર શનિવાર ને રોજ શ્રી જૈન યુવક સંઘની ઓફીસમાં રાત્રિના આઠ વાગે મળનાર છે તે પ્રસંગે કાર્યવાહક સમિતિના વીસ સભ્યોની ચુંટણી કરવાની છે.

સમિતિમાં જે સભ્યને ચુંટાવા ઇચ્છા હોય તેણે તા૦ ૧૦-૨-૩૧ મંગળવાર સાંજના ૭ વાગ્યા સુધીમાં મંત્રીઓને પહોંચે તે પ્રમાણે નીચે મુજબ પત્ર લખી મોકલવો.

સ્થળ:—

તા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી જોગ.

હું નીચે સહી કરનાર શ્રી જૈન યુવક સંઘનો સભ્ય છું અને કાર્યવાહક સમિતિની નવી ચુંટણીમાં મારી ઉમેદવારી જાહેર કરૂં છું તેની નોંધ લેશો. લી. સેવક,

ભલામણ કરનારઃ—

ઉમેદવારી કરનાર સભ્યની ભલામણ કરનાર મુંબઇ જૈન યુવક સંઘનો સભ્ય હોવો જોઇએ તેણે અહીં સહી કરવી.

શ્રી

# અમૃત સરિતાના ઓવારે.

( એક દૃષ્ટિપાત. )

સંપાદક: વનવિહારી પ્રવાસ.

( ૧ )

પ્રિય ભાઈશ્રી સુધાકર !

ત્હમારો પત્ર મળ્યો.........

ના, હું શ્રી. મોહનલાલભાઈને પ્રખર સુધારક માનવાની સાફ ના પાડું છું. પરંતુ ત્હેમની 'અમૃત સરિતા'ની ત્હમે લેશ માત્ર ઓછી કીંમત આંકો તે ચલાવી લેવા હું તૈયાર પણ નથી. અલબત્ત, સમાજનો એક વર્ગ કે જે નિરંતર દંભ અને પાખંડનેજ પોષી રહ્યો છે, તે જેમ શ્રી. મોહન-લાલભાઈને તેમની આ 'કૃતિ' માટે 'મહા નાસ્તિક'નો ઇલ્કાબ આપીનેજ સંતોષ ન માનતાં તેમને માટે નર્કનો એકાદ નવોજ દરવાજો ખુલ્લો મુકવાને લલચાશે. તેમજ આપણો ઉદ્દામ વર્ગ પણ આ 'કૃતિ'ને અંતઃકરણપૂર્વક વધાવી લેવા તૈયાર તો નહીંજ થાય. કારણ કે તેઓ તો સાધુ સંસ્થામાં એક બાજુથી દાખલ થઇ ચુકેલો અને વ્યાપક રૂપ લેતો જતો સડો જોઇ એમજ કહેવા તૈયાર થશે કે: "સાધુ સંસ્થાના એ વર્ગ માટે એકજ માર્ગ છે: કાંતો તેઓ સુધરે, યાતો તેમનું અસ્તિત્વ નાબુદ થાય." આ બેમાંથી એકે મનોદશા શ્રી. મોહનલાલભાઈને પુરતો ન્યાય નહીં આપી શકે, એટલું હું ભાર દઇને કહી શકું છું. ત્હમે શું કહેવા માગો છો તે હું કંઇક સમજી શકું છું. પણ મારી ભલામણ છે કે ત્હમે અગર ત્હમારા જેવો અમૃત સરિતાનો બીજો કોઇ પણ વાંચક તટસ્થ રહી વાંચશે તો તેને એટલું કબુલ કરવુંજ પડશે કે: "શ્રી. મોહનલાલભાઈએ અમૃત સરિતામાં 'વર્ત-માન કાળે' બહુજ ગવાએલો 'અયોગ્ય દિક્ષા'નો પ્રશ્ન છણ-વામાં અને આપણા સમાજની વર્તમાન દશાનું 'સાચું ચિત્ર' દોરવામાં અજબ હિંમત દાખવી છે. અને તેમાં તેમણે સફળતા મેળવી છે."

* * *

નગાધિરાજ હિમાલયના શાન્ત અને રમણીય પ્રદેશમાંથી નિર્ઝરતી પતિત પાવની જાન્હવી જંગલો, પહાડો, અને ખીણોમાંથી પોતાનો માર્ગ કાપતી, સપાટ પ્રદેશમાં આવી શહેરો અને ગામડાઓને 'આર્યત્વ'નો સંદેશ આપતી અન્તે મહાસાગરમાં મળી જાય છે. જાન્હવી ત્યાં આગળ યમુનાને ભેટી સરસ્વતીનો સત્કાર કરે છે, તે પ્રયાગરાજના પાવન તીર્થમાં સ્નાન કરી પોતાને પાવન થતો માનનાર કીડીઆરા માફક ઉભરાતો જન સમુદાય ક્યાં? અને જાન્હવીનાં પાવનકર અને અમૃતસમાં પ્રાણરૂપી 'મુખ'નાં જળનું પાન કરનાર એ પરમ યોગીશ્વરો ક્યાં?!

ત્રિલોકવંદ્ય વિભૂતિના દીવ્ય માનસમાંથી નિર્ઝરતી, જગતને પાવન કરતી અને મુક્તિ મહાસાગરમાં મળી જતી એ પ્રવ્રજ્યા–દિક્ષા–રૂપી અમૃત સરિતાના પ્રવાહમાં 'વર્તમાન તીર્થ' ડુબકી ખાઇ–માત્ર વેશપલટો કરી–પોતાને પવિત્ર થયેલા મોક્ષના અધિકારી બનેલા માનનાર આજના–ભગાડેલા, સંતાડેલા, વેચાતા લીધેલા કે દુઃખના માર્યા દોડી આવેલા–એ વહેંતીઆઓ ક્યાં? અને અમૃત સરિતાના મૂળ–ઝરણ–નાં જળપાન કરી પરમોચ્ચ 'વિતરાગ' દશા પ્રાપ્ત કરનાર એ સાચા ત્યાગીઓ ક્યાં?!

"—જાન્હવીના 'મુખ'નાં જળપાન કરવાના અભિલાષીને જેમ સપાટ પ્રદેશ છોડી હિમાલયના ઉચ્ચ પ્રદેશ તરફ પગલાં માંડવાં પડે છે. તેમ પ્રવ્રજ્યા રૂપી–અમૃત સરિતાના 'મુખ'નાં જળપાન કરવા ઇચ્છનારે 'રાગ' દશાનાં મોહક પ્રદેશમાંથી હૃદયના–હિમાલયરૂપી–આંતર પ્રદેશ તરફ પ્રયાણ કર્યેજ છુટકો છે." એ સાચું નથી?

* * *

કલ્પનાના પ્રદેશમાંથી આપણે પાછા ફરીએ. અને 'અમૃત સરિતા'ના ઓવારે બેસીએ:

લેખક પ્રસ્તાવનામાં જણાવે છે, કે: "અયોગ્ય દિક્ષાથી ......નિંદાપાત્ર ક્લેશમય વાતાવરણ ઉભું થયેલું હોવાથી તેની આબેહુબ પરિસ્થિતિનો ખ્યાલ આપવા અને તે સ્થિતિ છે તેમને તેમ ચાલશે તો ભવિષ્યમાં કેવું ગંભીર પરિણામ આવશે તેનો ભાવી ચિતાર ખડો કરવા આ એક નવલકથા લખવાનો વિચાર મ્હને સ્ફુરી આવ્યો......"

"......અમૃત અને સરિતા પતિપત્નિ તરીકે છે. અને તે પાત્રો આ નવલકથાનાં નાયક નાયિકા છે. આવશ્યક નામ "અયોગ્ય દિક્ષા ઉપર દૃષ્ટિપાત છે."

લેખકે પોતાના આ આશયને મધ્યબિંદુએ રાખી વર્તમાન વાતાવરણમાંથી કેટલાક મહત્વના બનાવોને વસ્તુ સંકલનામાં ગુંથી લીધા છે. જેવા કે: (૧) હાથ નાખતી વિધવા માતાના તેર વર્ષના છોકરાને ગુમ કરવો. (૨) અસંયમી યુવાનને વિચાર્યા વિના ચોથાવ્રત સુધીની બાધાઓ આપી, વીસ વર્ષની યુવાન પત્નિથી વિમુખ કરવો, વૃદ્ધ માતાને રઝળાવવી અને નિર્દોષ બાળા ઉપર ચારિત્રભ્રષ્ટનું ખોટું કલંક મૂકી છતાં ધણીએ વિધવા બનેલીને આત્મઘાતની હદે જવાની આડકતરી રીતે ફરજ પાડવી. (૩) માબાપની બેકારીનો લાભ લઇ છોકરાને વેચાતો લઇ છાની દિક્ષા આપવી. (૪) અયોગ્ય દિક્ષાના પોષકોમાંથી જેઓ સાધુઓના આવાં પાપ કૃત્યોમાં ભાગ લેતાં લાગેલી થપ્પાટો અને ઠોકરોથી ચેતી જઇ તેમનાથી વિરૂદ્ધ થાય તેમની ઉપર વેર વાળવા તેમના અંગત સગામાંથી યુવાનોને ભરમાવી, ઉપાડી જઇ દિક્ષાની 'સંતા-કુકડીઓ' રમવી. (૫) અને પ્રતિપક્ષીના સ્વજન સમાં દંપતિના સ્વર્ગીય સુખ જોઇ આંખમાં 'રાઇ મીઠું' પડવાથી તેઓના જીવનમાં ધૂળ નાખવા પ્રપંચ અને કાવત્રાં કરી, દાંપત્યમાં વિક્ષેપ પાડી યુવાનોને ભમાવી, પોતાની જાળમાં સપડાવી વેશ પલટો કરાવવો. (૬) નવદિક્ષિતો પકડાઇ ન જાય તે માટે સાધ્વીનાં કપડાં પહેરાવી સાધ્વીના ઉપાશ્રયમાં સંતાડવા. ઇ૦ ઇ૦. અને આ જુદા જુદા બનાવોની ફુલ ગુંથણીમાં સાથે સાથે ધાર્મિક, નૈતિક, આર્થિક અને સાંસા-રિક પ્રશ્નોને યથા પ્રસંગે ઉભા કરીને અને પ્રસંગોપાત તેની ચર્ચા કરીને વાર્તાને આકર્ષક બનાવવા પ્રયત્ન કર્યો છે.

* * *

એક બાજુએ 'આધ્યાત્મિકતાના અજીર્ણ'થી પીડાતા 'જ્ઞાની હોવાના' ઘમંડમાં અંધ બનેલા, કેટલાક કહેવાતા આચાર્યો: તેમને ટેકો આપી રહેલા અંધ શ્રદ્ધાળુ, લક્ષ્મીના

મદમાં ભાન ભૂલેલા શ્રીમંતો : તેમના સ્વાર્થી ને કાવત્રાંખોર સગરીતો : અને બીજી બાજુએ શિક્ષિત, સંસ્કારી અને ધર્મપ્રેમી દંપતિના નેતૃત્વ નીચે દંભ અને પાખંડને પ્રકાશમાં લાવી, જનતાની આંખ ખોલી, વાતાવરણને સ્વચ્છ બનાવવા આરંભ માર્ગો યોજતું યૌવન : એ બન્ને પક્ષ વચ્ચેનું યુદ્ધ જોવાનું-વાંચવાનું હું સૌને આમંત્રણ આપું છું.

આપણી બેકારી આપણને કયા પાપો તરફ ઘસડી જાય છે. આપણા સાંસારિક બન્ધનો, રૂઢિઓ અને રિવાજો આપણા ખીલતા કુસુમોને કેવી ક્રૂર રીતે કચરી નાખે છે. આપણી ઘટતી જતી વસ્તી તરફની આપણી બેદરકારી આપણું શું ભવિષ્ય સૂચવે છે. આપણી અંધ શ્રદ્ધા ધાર્મિક ક્ષેત્રમાં કેવાં તોફાન અને પાખંડોને નિભાવી લે છે. તેમજ સાધુઓના 'હુંપદ'ને પોષવામાં આપણે છિન્ન ભિન્ન બની અવનતિની કેવી ભયંકર ગર્તા તરફ ઘસડાઇ રહ્યા છીએ, એટલુંજ નહી પણ આપણા સમાજમાં-ગૃહસ્થ જીવનમાં દાખલ થઇ વ્યાપક રૂપ લેતો સડો આપણા જીવનને કેવી દુર્ગંધથી ભરી મૂકશે એ જાણવું હોય, સમજવું હોય, તેમને અમૃત સરિતા રૂપી આયનામાં પડતું આપણા 'વર્તમાન જીવન'નું 'તાદૃશ ચિત્ર' જોઇ લેવાની મારી ભલામણ છે

* * *

મુંબાઇથી લગભગ ઉત્તરમાં સીધી રતલામ સુધી અને રતલામથી લગભગ દક્ષિણ પૂર્વની મધ્યમાં ખડનેરા સુધી સીધી લીટી દોરીએ તો જે ત્રિકોણ બની રહે છે તે પ્રદેશને લેખકે વાર્તા પ્રદેશ નક્કી કરી એ પ્રદેશમાં સમાઇ જતાં શહેરો, ગામડાઓ, રેલ્વે લાઇન અને મોટર રસ્તાઓ ઉપરાંત વાર્તાને અંગે જરૂર જણાતાં નવા શહેરો અને ગામડાઓ, નવી રેલ્વે લાઇન અને નવો મોટર રસ્તો કલ્પી લીધો છે. લેખકે સર્જેલાં વિવિધ પાત્રો અલૌકિક નહી પણ લૌકિક છે. એટલે એ પાત્રો અને પાત્રોના સંસાર દર્શન આપણને કાલ્પનિક કરતાં સાચાં વધારે લાગે છે-'વર્તમાન' વાતાવરણ સાથે 'વાર્તાનો પ્રવાહ' એટલું સામ્ય ધરાવે છે. કે આપણે એજ સૃષ્ટિમાં વિચરી રહ્યા હોઇએ એમ ઘડીભર ભાસ થાય છે. છતાં મ્હને એટલું કહી દેવું પણ ઠીક લાગે છે, કે પાત્ર સર્જનમાં અને તેમના જીવન આલેખનમાં લેખક પોતાની 'આગ્રહી મનોદશા'ની મર્યાદાઓ ઓળંગી શક્યા ન હોવાથી કેટલેક પ્રસંગે વાચકને અણધારી નિરાશા મળે છે. લેખક જે પરિસ્થિતિથી અકળાઇ વાર્તા લખવા પ્રેરાયા છે. તેને મીટાવવા માટે 'આગ્રહી મનોદશા'થી પર રહી 'કુદરતને અનુસર્યા હોત તો તે વધારે અભિનંદનને પાત્ર ગણાત એ નિઃસંશય છે. છતાં તેઓએ તો પોતે સર્જેલાં પાત્રો પોતે નક્કી કરેલા ચોકઠાની બ્હાર ભૂલે ચૂકે પણ ન જાય એટલી કડક સાવચેતી-જાગૃતિ રાખી છે. અને આમ કરવામાં લેખક મહાશય કદાચ કોઇ વાંચકના રોષનો ભોગ બને તો તેમાં મને આશ્ચર્ય ન લાગે! અને કદાચ તમને પણ આશ્ચર્ય લાગશે કે 'અમૃત સરિતા'ને જૈન જનતા અન્યાય ન આપે એમ સાવચેતીનો સૂર કહાડનાર આમ શાથી લખતો હશે? આનો જવાબ શોધવા આવો આપણે વાર્તાના પ્રવાહમાં નિમજ્જન કરીએ!—

* * *

પણ—હા. ઘડીઆળ બારના ટકોરા વગાડે છે, ઉંઘ બગાસાં મોકલે છે અને કલમ પણ આગળ ચાલવાની ના પાડે છે......વળી બીજી વખતે. ચાલો, ત્યારે જય જય.

લી૦,

20: 1: 31: ઋષભદાસ.

# સુખનાં સ્મરણો અને દુઃખની દર્દકથાઓ.

લેખક : સૂર્યદમન.

સુખનાં સ્મરણો આલેખવાથી દુઃખની દર્દ કથાઓ ઉપર કલ્પના વિલાપ કરવાથી સુખ દુઃખમાં કશું એ પરિવર્તન થતું નથી. પરંતુ તેવા રસિક યા કરૂણા-જનક વર્ણનો માનવ પ્રકૃતિને તેની નવરાશની વેળાએ કવચિત કવચિત આહ્લાદક અને તેજ દ્રષ્ટિબિંદુ મારી સમક્ષ રાખી આ નિબંધ લખવા પ્રેરાયો છું. સમગ્ર માનવ જનતાનો ઇતિહાસ તે ઉપરોક્ત સ્મરણો અને કથાઓથી ભરપુર છે એ ઇતિહાસમાંથી કલ્પના કુશળ લેખકો નવલિકાઓ અને કાવ્યો રચી માનવ પ્રકૃતિને નચાવે છે સંસ્કૃતિના પ્રથમ પગલા ચીન દેશમાં મંડાયા. હીંદે તે સંસ્કૃતિ ઝીલી, ઇરાન અને બગદાદે તેને પોષી, મીસર દેશે તેની પ્રેરણા પીધી, ગ્રીસ અને રોમનાં મહારાજ્યોએ તે ખીલવી, પોર્ટુગીઝ, સ્પેન અને હોલાંડે તેનું સ્વાગત કીધું. નવો યોપ આંગ્લ દેશે વધાવ્યો અને આજે તે માનવ સંસ્કૃતિનાં પ્રથમ વર્તુલને અમેરીકામાં મધ્ય ભાગમાં આપણે શીખરે ચડેલી જોઇએ છીએ અને તે સંસ્કૃતિના પગથાર નીચે પડેલાં સઘળાં રાષ્ટ્રોએ કંઇ ઓછાં તડકાં છાયાં જોયાં છે? આજે ચીન છિન્ન ભિન્ન બન્યું છે, આર્યાવર્ત શિથિલ બન્યું છે. છતાં આજ ભારત દેશની ચોદિશામાં કંઇક તેનાં નવિન સ્વરૂપે પુનઃ પગલાં થાય તેવાં આશા કિરણો દેખાય છે. ઇરાન અને બગદાદનાં ભુલાઇ ગએલાં સ્મરણો આજે પુનર્જીવન પામે તેમ લાગે છે. ઇજીપ્ત દેશે ત્રણ હજાર વર્ષો પૂર્વે કળા કૌશલ્ય ખીલવ્યું. ગઇ કાલે ઇજીપ્ત પરતંત્રતાની જંજીરોમાં કચડાતું હતું. ઝગલુલે કરેલ જાગૃતિ જીવંત રહેશે. ગ્રીસ દેશે જગતને કંઇ કંઇ પાઠ પઢાવ્યા, તેના તત્વચિંતકો અને રાજ્ય ધુરંધરોએ વિધ વિધ રાષ્ટ્ર વિધાયકોનાં જીવન ઘડયાં છે; ઇટાલીનો મુસોલીની દેશદાઝની વરાળથી શેરની માફક ગર્જી રહ્યો છે, અને પશ્ચિમનાં દેશોમાં પ્રજા સ્વાતંત્ર્યના બ્યુગલો ફૂંકાયાં છે આમ સંસ્કૃતિનું વર્તુલ દેશ દેશની ચઢતી પડતીમાં જુદી જુદી જાતનાં ઇતિહાસ લખાતો રહ્યો છે. આ સુખનાં સ્મરણો અને દુઃખની દર્દકથાઓ નહીં તો બીજી શું? અને એ આલેખતા એ પ્રેમનાં ઉન્હાં આસું હૃદય કેમ ખાળી શકે? મેઘને સંદેશાનો વહન તેનાં ઉન્હાં આંસુજ ઠાલવતો હતો અને તે દ્વારા તેની જુની અને નવી ભાગ્યવત્ સાંપડેલી સ્થિતિજ ચીતરતો હતો. કવિ કલાપી એવુંજ દર્દ ઠાલવી ગયો છે. હું તેવી વિશુદ્ધ પ્રેમ ભાવનાથીજ મારાં આંસુ-હર્ષના યા શોકનાં-ઠાલવા તત્પર થયો છું.

એક સમય એવો હતો જ્યારે જૈન સમાજનાં અગ્રગણ્યો રાજ્યવહીવટમાં કુશળ હતાં. બાહુબળે નહીં પરંતુ બુદ્ધિબળે રાજ્યો અને સામ્રાજ્યો ચલાવતાં હતાં. આવક ધર્મનો દિશા-દિશામાં ડંકો વાગતો હતો મુંજાલ અને ઉદો એ મહા ગુજરાતનાં મહા ચાણક્યો હતા માળવ દેશથી મહારાષ્ટ્ર સુધી તેની આણ ફરતી હતી.

અને આજે રાજકીય પ્રગતિમાં જૈન કોમે શું ફાળો આપ્યો છે? માનપૂર્વક આંગળી ચીંધી શકાય એવો કયો જૈન નેતા દેશને દોરવા નીકળ્યો છે? આ દિશામાં આપણે કંગાળ છીએ. પૂર્વજોનો વારસો આપણે ગુમાવી બેઠાં છીએ.

એવા પણ દીવસો હતા જ્યારે જૈનો કુબેરો હતા, સાત ક્ષેત્ર પોષી જાણતાં હતાં, સારાયે દેશમાં શરાફી શાહોની કહેવાતી. ભામાશાનું અઢળક ધન માતૃભુમિના ચરણે ધરતાં તે મહા પુરૂષે જરા પણ ઉદાશીનતા નહોતી દાખવી.

અને આજે જૈનોનો ધન પ્રવાહ ક્યાં વહી રહ્યો છે? જૈનો સમાજ હિતનાં રચનાત્મક કાર્યો માટે તેમનાં ધનનો કેટલામો ભાગ આપી રહ્યા છે? આ "પ્રશ્નનો ઉકેલ વાંચક વર્ગ જરૂર કરશે." આજના જૈનો પૈસો સંઘરી જાણે છે, વાપરી જાણતાં નથી આજનાં જૈન ધનિકને લલાટે અમરત્વ નથીજ નોંધાયું. ખરેખર એવાએ દીવસો ગયાં.

અને એક એવી પણ વેળા હતી જ્યારે જૈનો કળા પોષતા, કલાકારોને સંભાળતા; અત્યારે પણ એ તાડપત્રીનાં જુનાં ચીત્રો અને તીર્થોનાં શિલ્પ કામો અર્વાચીન દુનીયાનાં ચિત્રકારો અને શિલ્પીઓને હેરત પમાડી રહ્યાં છે.

આજે શ્રી. પરમાણંદના કહેવા મુજબ "જૈનોનું જીવન કળાવિહીન થઇ ગયું છે." જેમ તે તેનાં જીવનને કળામય નથી બનાવી શકતો તેમ તે કળાને નથી પારખી શકતો. આજ તો આર્થિક જીવનની કારમી ચક્કીમાં તેનાં આર્તનાદો સુણાય છે. કળાની રક્ષા તે આજ તેનો વ્યવસાય નથી રહ્યો.

સાધુ સમુદાય એક એવી આનંદ ઘડીએ સાહિત્યની ફુલવાડી પમરાવતો. ગુરૂ હેમચંદ્ર, મસ્ત કવિ આનંદઘન, ભક્ત કવિ યશોવિજયજી જેવી મહા મૂર્તિઓએ જૈન સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે આજે જૈન સાહિત્યની તેના લીપિ ગણ્યાં થાય છે અને સંશોધન કાર્ય થયે તો શું શું થશે?

પરંતુ આજ તો પૂજ્ય મુનિવરો સર્જન શક્તિથી ઉન્મુખ બન્યાં છે. "દોહરા રચી કવિ બનવા મથે છે." આત્મ શ્રદ્ધાથી મહાત્મા થવા ઇચ્છે છે. "સાહિત્ય સમ્રાટ" કે "કવિ કુલ કિરિટ"નાં બિરદ સોંઘા થઇ પડ્યાં છે. સકળ વિશ્વની તુલનામાં તેનો માંડો જુદો મંડશે.

વ્યાપાર એ તો વૈશ્ય કોમનું સબળ શસ્ત્ર આપણાં બાપદાદાઓ સાગરોની સફરો કરતાં; પરિયા પરિયા ખાય તેટલી દોલત લાવતાં; વહાણવટું ઉત્તેજતા; તેઓ "કર્મે શુરા અને ધર્મે શુરા" કહેવાતાં.

આજ આપણે વ્યાપારી તો છીએ, પણ વ્યાપાર ખેડતા નથી આવડતો. ઝવેરાત અને મોતીનો ધંધો હાથથી સરવા માંડ્યો છે. દુનીયામાં આજે તાર ટપાલ વ્યવહારનાં સાધનો શું ભાગ ભજવે છે, જાહેરાતનું શું સ્થાન છે, સાહસ, શી વસ્તુ છે તેની નોંધ આપણો વ્યાપારી ક્વચિતજ લે છે.

જૈનો બાહુબળીયા કહેવાતા હતા, વસ્તુપાળ તેજપાળ જેવા મહા પુરૂષો લડાઇઓ લડ્યા હતા. તેમનાં દેહ સુદ્રઢ હતા.

આજનો જૈન વધારેમાં વધારે બીકણ અને સૌકહાણીએ ડેસી કહેવાય છે આજનાં માબાપો તેમનાં સંતાન પ્રત્યેની શહેરી તરીકેની ફરજ ભૂલ્યાં છે. તેમનાં સંતાનોનાં નબળાં શરીરો, ઉંડી ગયેલી આંખો અને ફીક્કા અને બેસી ગયેલા ગાલો જોઇ કોઇ ભૂતકાળનો વજ્રદેહધારી માનવી શું કહે! દેહ તો ક્ષણિક છે, છતાં દુર્લભ છે; એવી માન્યતા ધરાવનારને મારી એકલીજ શીખામણ છે કે વ્યાયામ પ્રચારમાં વિઘ્ન રૂપ ન બનો.

હું કહું છું કે આજનાં જૈનો ધનિક છે એમ રખે માનતાં. થોડાં વિલાસ ભુવનોને નિહાળી કુટિરોને ના ભુલતાં. જૈનોને ઘેર ઘેર નિર્ધનતા અને ઉદાસીનતા વસે છે. કહેવાય છે કે વલ્લભીપુરમાં ઘણાંએ વર્ષો પૂર્વે નવા વસનાર જૈનને પ્રત્યેક ગૃહેથી સોનૈયો મળતો અને તે વડે તે નવો વસનાર સ્વશક્તિથી ભાગ્ય અજમાવતો.

આજનાં ગરીબ વિદ્યાર્થીને કે વિધવા બ્હેનોને શું વિપત્તિઓ પડે છે તે જાણવા કંઇ વ્યવસ્થિત સાધન જૈન પાસે છે? પરમાર્થને કાજે જીવનાર શ્રાવક બંધુઓ સ્વાર્થમાં રાચવું હજી નહીં છોડે? આજ તો જૈનોની શાખ જવા બેઠી છે એક દિવસનાં મહાજનોનાં સ્તંભરૂપ શ્રાવકનાં વંશજો પાસે, આંતરિક કલહની અશાંતિ મટાડવા માટે, ન્યાયાધિકારીઓ જામીન માગે છે. અહા! હજુ કેટલીક અવનતિ બાકી છે?

**શુભ ભાવના–**

આવી અસહ્ય સ્થીતિ આજનો નવયુવક હવે વધુ નહીં સહે. આજનો યુવક માને છે કે મુંગું બેસવું એ પાપ છે, ધર્મ દ્રોહ છે, યુવાનીનો દ્રોહ છે. અમારો ઉદ્દેશ સાચો છે. અમે કોઇ સામે શત્રુવટ કે બહારવટું નથી માંડયું. પ્રેમ, સહિષ્ણુતા અને સમજાવટનાં અહિંસક શસ્ત્રોથી અમારી સામાજીક બેડીઓ અને અંધશ્રધ્ધા ઉખેડવા અમે રણશીંગું ફુંક્યું છે. કેટલાએ વર્ષોની ઘોર નિંદ્રા પછી **મહાવીરનાં અમર વચનો આજે અમારે કાને આથડી રહ્યાં છે. અમારી ચળવળ ક્ષણજીવી નથી. કોમીવાદના સંકુચિત માનસથી નહીં, પરંતુ સમાજ હિતનાં વિશાળ માનસથી જ્યાં જ્યાં જૈન વસતો હશે, ત્યાં ત્યાં તેની સ્થિતિ સુધારવા અમે મુખથી, લેખનથી અને અન્ય સાધનોવડે અમારો ફાળો આપશું. તેમાં વડીલો સામે ઉધ્ધતાઇ નથી, શાસન સામે ક્રાન્તિ નથી, ચતુર્વિધ સંઘ સામે ઉહાપોહ નથી. પરંતુ એ સર્વ પ્રત્યે અમારી અચૂક વફાદારી છે.**

## મહારાષ્ટ્ર જૈન સંમેલન–પુના.

તા૦ ૩૦ જાનેવારીને દિવસે પુના ખાતે મળ્યું હતું. નીચેના વિષયોની ચર્ચા ચાલવાની હતી. (૧) જૈનોના ધાર્મિક ખાતાઓની ચોખવટ. (૨) સાધારણ ખાતામાં વધારો કરવાની જરૂર. (૩) પાઠશાળાઓમાં સાધારણ ખાતા તરફથી મળવો જોઇતો ફાળો. (૪) વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપો. (૫) બોર્ડીંગોને મદદ. (૬) જૈન લગ્નવિધીનો પ્રચાર. (૭) લગ્નના ખર્ચમાં કાપકુપ. (૮) કન્યાવિક્રય અને વૃદ્ધલગ્નનો વિષય. (૯) અને પ્રચાર કાર્યની ગોઠવણી.

આવા સંમેલનો જ્યાંસુધી વરસ દરમ્યાન ચાલુ પ્રચારકાર્ય ન કરે ત્યાંસુધી વિશેષ લાભદાયક નીવડવા સંભવ નથી. આશા છે કે સેક્રેટરી ગયા વરસમાં થયેલ કામકાજની વીગતો જાહેરમાં મુકશે જેથી બીજા પ્રાંતોને પણ અનુભવનો લાભ મળશે. બાકી નિયમિત સંમેલન ભરવાની ચીવટ માટે મહારાષ્ટ્રીય બંધુઓને અમારા અભિનંદન છે.

**જોઈએ છે:** સુશિક્ષિત, ખાનદાન કન્યા માટે લાયક લગ્નનો ઉમેદવાર: ઉમ્મર વર્ષ વીસ થી પચ્ચીસનો. અભ્યાસ, કુટુંબ અને ધંધા વિગેરેની સર્વ માહીતી સાથે લખો:

**ચીમનલાલ** C/O શ્રી જૈન યુવક સંઘ પત્રિકા.

બાલતા માણસોએ લખવું નહિં.

## શ્રીમાન્ સાગરાનંદ વધે કે શ્રીયુત્ રામવિજય ?

શ્રીમાન જૈન સમાજના એક પક્ષના કહેવાતા આચાર્ય છે. વળી જેને તેને દિક્ષા આપવાના હિમાયતી. છોકરાં નસાડવા અને સંતાડવાની અજોડ ક્રિયાના જાણકાર અને પડતા શાસનનો મહા પ્રયત્ન કરી બચાવનારની અજબ શોધોના એક નમુના છે. પણ જૈન પ્રજાને જાણવાની ખાસ જરૂર છે કે ઉપરોક્ત શ્રીમાન એક વખત વ્યાખ્યાનમાં એમ બોલેલા કે "નવ દીક્ષીત પુરૂષને સંતાડવો પડે અને તેને સંતાડવાનું સુરક્ષિત સ્થળ ન જણાય તો છેવટે સાધ્વીનાં વસ્ત્રો પહેરાવી, સાધ્વીના ઉપાશ્રયમાં પણ સંતાડી, નવ દીક્ષીતને તેના સગાં વહાલાંને રડતાં રાખી પડી જતા શાસનને બચાવવામાં કંઇજ વાંધો નથી." વળી તેમણે હમણાં અમદાવાદમાં ભરાયેલા સાહિત્ય પ્રદર્શનમાં વ્યાખ્યાન આપતાં તેમને પુછવામાં આવેલા પ્રશ્નમાં મા બાપ આંધળાં હોય તો દીક્ષા લેવી કે કેમ ? ત્યારે જાણીતા શ્રીમાન આવેશમાં આવીને કહે છે કે "મા બાપને ખાડામાં નાખો." વાહ ! કેવો સરસ જવાબ શ્રીમાન આવો જવાબ ન આપે તો તેમના સંઘાડામાં ચેલા કેમ વધી શકે ? આનંદસાગર ઉર્ફે સાગરાનંદજી ભુલી જાય છે કે જે મા બાપ પાળી પોષીને મોટા કરે છે તેની સેવા કરવાને દરેક વ્યક્તિની ફરજ છે. પણ શ્રીમાન જેવાને પોતાના સગાં વહાલાંને રડાવીને દીક્ષા લેવી હોય અને જ્યારે વૈરી પોતાના ધણીને ધણી તરીકેના હક પુરા કરવા કોર્ટ દરબારે જોગે અને શ્રીમાનને પાછા સંસારીપણામાં જવું પડે અને ફરી પાછા દીક્ષા ગ્રહણ કરે. એ બધું આવાં ચેલા વધારનારા અને જ્યાં ત્યાં ઝઘડાખોર સાધુ તરીકે પ્રખ્યાત શ્રીમાનનેજ શોભે છે. તેવીજ રીતે શ્રીયુત્ રામવિજય પણ એક શાસનનો બચાવ કરનાર, ગમે તેને ગમે તેવા સંજોગોમાં સ્ત્રી યા પુરૂષ હોય. દીક્ષા લેનાર સ્ત્રી યા પુરૂષને નાનું બે વર્ષનું બાળક હોય છતાં તે નાના બાળકની દયા ન ખાતાં, બાળકની શું દશા થશે તેનો વિચાર ન કરતાં પરણેલાં દમ્પત્તિમાંથી ગમે તેમ કરી દીક્ષા લેવાની વાત પોતાની વાણીનો વિલાસ બતાવી તૈયાર કરે પછી ભલે સ્ત્રીને પુનર્લગ્ન કરવું પડે અને સ્ત્રીનો બાપ ઝેર પી મરી જાય તે તેમને ક્યાં જોવા જવું પડે તેમ હતું. આ જાણીતા શ્રીયુત્ છેલ્લાં બે વર્ષથી લાગલાગટ ચોમાસું કરી રહ્યા છે. જૈન શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે "સાચા જૈન સાધુ કોઇ પણ ઠેકાણે એક કરતાં વધારે ચોમાસાં ન કરી શકે." પણ આ શ્રીયુતને ક્યાં જૈન શાસ્ત્ર માનવું છે, તેમને તો જેમ નજરમાં આવે તેમ "ફતવા" કાઢી આ મારૂં શાસ્ત્ર, આ અમારાં "પ્રવચન" તરીકે જાહેર કરવું છે તેને શું ? મુંબઇમાં ગયા વર્ષે પોતાના વ્યાખ્યાનમાં કહેલું કે "જૈનોના ઘેર "દારૂ ઇંડા" સરખુંની જેમ ખવાય છે" "સંઘ એ તો હાડકાનો માળો છે." વાહ આવા વચનકાર જ્યાં વસે ત્યાં શાસન ધર્મની ઉન્નતી થવામાં શું બાકી રહે ? વાંચક આ ઉપરથી ધ્યાનમાં લેશે કે શ્રીમાન વધે કે શ્રીયુત્ ? બાકી બન્ને અયોગ્ય દીક્ષાના હિમાયતી, ઝઘડા વધારનારા અને સમાજને છિન્ન ભિન્ન કરનારાજ છે.

જગદીશ.

## પહોંચ અને સ્વીકાર.

શ્રી મહુવા જૈન યુવક મંડળનો રિપોર્ટ: આ મંડળનો સં. ૧૯૮૨ થી સં. ૧૯૮૬ સુધીનો રિપોર્ટ અમોને મળ્યો છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ. મંડળની ભાવના ઉચ્ચ પ્રકારની છે તે મુજબ કાર્ય જણાતું નથી. તેના કારણો રિપોર્ટમાં જણાવેલ છે. રિપોર્ટમાં મહુવાના બાળકોની કેળવણી સંબંધીની પરિસ્થિતિની વીગત જણાવેલી છે તે સંતોષકારક નથી. મંડળે નિર્ભયતાનો ગુણ ખીલવવાની જરૂર છે. ત્યારેજ મંડળના ઉદ્દેશ મુજબ સદ્‌વિચારોનું બળ જામશે. મંડળનું અસ્તિત્વ હોવા છતાં કેળવણી ફંડ રાહ જાય તે ઇષ્ટ નથી. મંડળના કાર્યવાહકો જેટલું કરે છે તેને માટે ધન્યવાદ આપી વિશેષ કાર્ય કરવા પ્રેરાય તેવી આશા રાખીએ છીએ.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને

જણાવવાનું કે તમો આ વરસ સંવત ૧૯૮૭ ની સાલના યુવક સંઘના સભ્યો તરીકે રહેવા માંગતા હશો એમ ધારી તમોને પત્રિકા મોકલવામાં આવે છે. સભ્ય તરીકે રહેવા ન ઇચ્છનારે ખબર આપવા વિનંતી છે.

લી૦ મંત્રી :

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

( અનુસંધાન પાના પહેલાનું ચાલુ. )

કોન્ફરન્સની બેઠક ભરાયાને બાર માસ લગભગ પુરા થવા આવ્યા છે. તથા તેની બેઠક ભરવા સંબંધી કાંઇ પણ માહિતી આપણને તેના મુખપત્ર 'જૈન યુગ' માંથી મળતી નથી. કોન્ફરન્સની બેઠકની જરૂરીયાત માટે પોકારો કરનારા તેની બેઠક માટે શા માટે પ્રયાસ કરતા નથી તે સમજાતું નથી. વડવાણ મુકામે દેશ વિરતિઆરાધક સમાજની બેઠક મળવાના-ભણકારા વાગી રહ્યા છે. તો શું કોન્ફરન્સના કાર્યવાહકોને કોન્ફરન્સની બેઠક ભરવાની જરૂરીયાત જણાતી નથી. તે બાબત ચળવળ કરવાની-પ્રયાસો કરવાની જવાબદારી રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓએ લેવી જોઇએ ને સ્થાનિક આગેવાનો સાથે વાટાઘાટ ચલાવી કોન્ફરન્સની બેઠક ભરવાનું સ્થળ નક્કી કરવું જોઇએ. સ્થાનિક કાર્યકર્તાઓને મુશ્કેલી જણાતી હોય તો તે દુર કરવાના પ્રયાસો કરવા જોઇએ. જ્યાં સુધી સ્થાનિક કમિટિઓ સ્થાપવામાં નહિ આવે જુદા જુદા મંડળોનો સહકાર સાધી લોકસમુદાયની સાથે મળવામાં નહિ આવે, યુવાન વર્ગને કોન્ફરન્સના કાર્યમાં રસ લેતો કરવાનાં પગલાં નહિં લેવામાં આવે તો નામના આગેવાનોની ગોત્રી છોડી કાર્ય કરનારા સેવકોનું જુથ તૈયાર કરવામાં ન આવે ત્યાંસુધી કોન્ફરન્સ પગભર થશે નહિ.

**સમાચાર**– પત્રિકા માટે દરેક સ્થળના યુવાનોને સમાચાર મોકલી આપવા નમ્ર સુચના છે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ઘડીઆળવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

શ્રીસિદ્ધિસૂરીશ્વરજીનું સ્તુત્ય પગલું યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૬ ઠો. | સંવત ૧૯૮૭ ના મહા વદી ૭. તા૦ ૯-૨-૩૧ | છુટક નકલ : ૦॥ આનો.

## એ ધન્ય ફકીરી !


"આઝાદ હિન્દનો અવતાર નિરખ્યા પછીજ હું અમર-લોકના પન્થે પડીશ." એવો શ્રદ્ધાભર્યો આશાવાદ સેવનાર, છેલ્લી ઘડી સુધી 'મૈયા ભારતીની મુક્તિ' ગુંજ રટણ કરનાર, આપણા 'સ્વાત'-ન્ત્ર્ય યુધ્ધ'ના એ અજોડ સેનાધિપતિનો અમર આત્મા શાન્ત તજી અનન્તમાં ચાલી ગયો—હિન્દના બેતાજ બાદશાહ પંડિત મોતીલાલજીનું તા૦ ૬-૨-૩૧ શુક્રવારે સહવારે ૬-૪૦ દુ:ખદ અવસાન થયું !

* *

પંડિત મોતીલાલજી લક્ષ્મી ધામના વૈભવ વિલાસોની વચ્ચે જન્મ્યા અને ઉછર્યા હતા : એમની યુવાનીમાં પણ અ-મુખ્ય વકીલાતની શાહી આમદાની હતી—આંગણે નાણાંની નીકો વહેતી એટલે એમણે વૈભવશાળી જીંદગીના રસ માણવામાં કશી કમીના નહોતી રાખી. પણ ઉત્તરાવસ્થામાં એ જીંદગીએ પલટો ખાધો. સાબરમતીના સંતે અસહકારનું યાદગાર યુધ્ધ આદર્યું. એનો વ્યાપક અને અભેદ સ્પર્શ 'મોડરેટ' મોતીલાલજીને પણ થયો અને લાખોની કમાણીને લાત મારી એ અમીરે ફકીરીનો 'માર્ગ' સ્વીકાર્યો : યુધ્ધને મોખરે ઝુકાવ્યું.

* * *

પંડીત મોતીલાલ નહેરૂ.



[ બ્લોક : નવાકાળના સૌજન્યથી. ]

ત્યાર પછી થોડા બનાવો બની ગયા. 'ચૌરી ચૌરાનાં બનાવ'ને લીધે મહાત્માજીએ અસહકારની ચળવળ આટોપી લીધી. હતોત્સાહ થતી પ્રજાનો ઉત્સાહ ટકાવી રાખવા જેલમાંથી બહાર આવતા નેતાઓએ ધારાસભામાં પ્રવેશ કરી 'અવરોધ નીતી' અખત્યાર કરવાની ચળવળ ઉપાડી: મોતીલાલજી એમાં જોડાયા: ધારાસભામાં જઇ સ્વરાજ્ય પાર્ટીના લીડર બની પોતાની પ્રખર બુધ્ધિમતા, વકૃત્વ અને મુત્સદ્દીગીરીથી દુનિયાં ચમકાવી : હીન્દની પ્રજા વિરૂદ્ધ 'સાઇમન સંપ્તક'નું કમીશન નિમવામાં આવ્યું: હીન્દે તેનો બહિષ્કાર પોકાર્યો: મોતીલાલજીએ એ 'સપ્તક'ના બહિષ્કારનો ઠરાવ ધારાસભામાં પાસ કરાવ્યો: એ સમયે એમણે આપેલાં યાદગીરી ભાષણ ઉપર ટકોર કરતાં લોર્ડ બર્કનહેડે સર્વ પક્ષને સમ્મત થાય તેવું બંધારણ ઘડવાનો પડકાર આપ્યો; મહાસભાના ઠરાવથી બંધારણ સમિતિ નિમાઇ: મોતીલાલજીએ તેના પ્રમુખસ્થાને બેસી 'નેહરૂ રિપોર્ટ' તૈયાર કર્યો: સર્વ પક્ષ પરિષદે પાસ કર્યો: મહાસભાએ મંજુર રાખ્યો: એક વર્ષ વિત્યું:

આગલા વર્ષ યુદ્ધમાં પણ પંડિત મોતીલાલજી મોખરેજ હતા સીતેર-એકોતર વર્ષની જૂઇફ વયે પણ યુવાનને શરમાવે તેટલી સતત કર્તવ્ય પરાયણ અખુટ ઉત્સાહ અને પરમ આશાવાદથી યુદ્ધને મોખરે ઝુઝતા એ યોદ્ધાને પણ 'સરકારે' જેલમાં પૂર્યો, 'જેલ'ના વિષમ જીવને એમની તબીયતને

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# શ્રી સિદ્ધિસૂરીશ્વરજીનું સ્તુત્ય પગલું.

જૈન સમાજને ઘટવાના કારણોમાંનું એક કારણ જ્ઞાતી અને ધોળોના બંધારણો પણ છે. જે જમાનામાં જ્ઞાતી ધોળના બંધારણો બાંધવામાં આવ્યાં હશે તે વખતે હિતાહિતનો પૂરતો વિચાર કરીને બાંધવામાં આવ્યાં હશે એમ માની લઇએ. પરંતુ આજના જમાનામાં આવા સંકુચિત ક્ષેત્રો અને પક્ષાપક્ષીએ સમાજનું અહિત કર્યું છે. એતો શંકા વગરની વાત છે. અમારી સમજ પ્રમાણે દરેક જ્ઞાતીઓમાં અને ધોળોમાં મેજર (પ્રમાણ પત્ર)ના કાયદા હોય છે. એટલે જ્ઞાતીનો કે ગોળનો કોઇ પણ ભાઇ કે જ્ઞાતી ધોળની બહારથી કન્યા લાવે તો તેની પાસે મેજર માગવામાં આવે છે અને જ્ઞાતીએ નક્કી કરેલ ધારાઅનુસાર મેજર રજુ કરવામાં આવે તો કન્યા ચોખ્ખી (આવક) છે તેમ ખાત્રી થાય છે. પરંતુ મેજર રજુ કરવામાં મુશ્કલી થાય અગર ખોટા ઠરે તો તરત પરણનાર જોડલાને જ્ઞાતિ બહાર મુકવામાં આવે છે અને વર્ષોના વર્ષો સુધી તેને જ્ઞાતિ કે ધોળ બહાર રહેવું પડે છે.

કોઇ પણ વ્યક્તી કે સમુહ ગમે તે જ્ઞાતિનો હોય તો પણ તે જૈન ધર્મ પાળી શકે છે અને ભુતકાળ તરફ નજર કરીયે તો તેની સાથે રોટી વહેવાર તથા બેટી વહેવાર કરવામાં બાધ આવતો નથી. છતાં હાલના સંકોચિત વિચારોએ એવી તો સંકોચિત સ્થિતિ ઉત્પન્ન કરી છે કે અન્ય સમાજની કોઇ પણ વ્યક્તિ કે સમુહ હોય કોમના હોય અને ખાનગીમાં જૈન ધર્મ પાળતા હોય ને તેઓને જૈન સમાજમાં ભળવું હોય તો તે ભળી શકયો નથી અને છેવટે તેને જૈન ધર્મ છોડી દેવો પડયો છે. તેમ જ્ઞાતિની કોઇ પણ વ્યક્તિ અન્ય સમાજની કન્યા સાથે લગ્ન કરી જૈન સમાજમાં એક મનુષ્યનો વધારો કરે, અરે ! એક કુટુંબનો વધારો કરે છતાં મેજરના અભાવે તેનો બહિષ્કાર–જ્ઞાતિ બહાર કરવામાં આવે છે. આથી પણ સમાજની વસ્તીમાં ઘટાડો થાય છે. આ વસ્તુ સ્થિતિમાંથી બચવા માટે આપણી કોન્ફરન્સ દેવીએ જુન્નેર મુકામે શુદ્ધિ અંગે એક ઠરાવ કરેલો છતાં તેનો અમલ થવાનું સાંભળેલુ નહિ. પરંતુ બીજા પાના ઉપર ગોધારીના સમાચારમાં જે હકીકત આવી છે તે હકીકત વાંચતાં અમને હર્ષ થાય છે કે ગોધાવીમાં પાંચ વર્ષ ઉપર શ્રીમાળીની જ્ઞાતિના એક ભાઇ અન્ય સમાજની કન્યા લાવેલા તેથી તેમની જ્ઞાતિએ તેમને જ્ઞાતિથી દૂર કરેલા. તેઓની શુદ્ધિ થવાથી તેઓ તેમની જ્ઞાતિમાં ભળી શકયા છે.

ઉપધાન અંગે માળના મહુર્ત ઉપર આચાર્યશ્રી સિધ્ધિસૂરીશ્વરજી ગોધાવી પધારેલા, તે પ્રસંગે બહિષ્કાર થયેલ ભાઇની તેમ જ્ઞાતિની વાત સાંભળ્યા પછી મજકુર પતિ પત્નિની આચાર્યશ્રીએ શુધ્ધિ કરી જ્ઞાતિમાં લેવરાવી સ્તુત્ય પગલું ભરી ઉમદા દાખલો બેસાડયો છે છતાં સ ખેદ સાથે એટલી નોંધ કરવી પડે છે કે સદર ભાઇ તરફથી રૂપીયા પાંત્રીસ જ્ઞાતિને અપાવવામાં આવ્યા તે વ્યાજબી થયું નથી.

આચાર્યશ્રીએ કોન્ફરન્સના ઠરાવનો અમલ કરવામાં તેમ અસલના ઉત્તમ ધોરણ ઉપરથી જે સંકોચિત સ્થિતિ ઉભી થઇ હતી તેમાંથી સમાજને બચાવવા સૂરીશ્વરજીના આ સ્તુત્ય પગલા માટે તેઓશ્રીને અનેક ધન્યવાદ ઘટે છે અને બીજા મુનીવરોને અમારી વિજ્ઞપ્તિ છે કે જ્યાં જ્યાં આવા બંધનો હોય ત્યાં સમાજના હિતાર્થે આવા સ્તુત્ય પગલાં ભરી સમાજને પડતીમાંથી બચાવશો. સમાજની ઉન્નતિમાં સમગ્ર સમુદાયની ઉન્નતિ છે !

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને અગત્યની સુચના.

મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સાધારણ સભા મહા વદ ૧૨ તા૦ ૧૪–૨–૩૧ વાર શનીવારને રોજ રાત્રિના ૮ વાગે (સ્ટાં. ટા.) શ્રી મુંબઇ જૈન યુવક સંઘની ઓફીસમાં મળશે. તો સર્વ વખતસર હાજર થવા કૃપા કરશોજી.

કામકાજ.

(૧) ગત વર્ષનો વૃત્તાન્ત અને ઓડીટ થયેલો હિસાબ મંત્રીઓ સામાન્ય સભાની મંજુરી માટે રજુ કરશે.

(૨) નવા વર્ષ માટે મંત્રીઓ અને કાર્યવાહક સમિતિની ચુંટણી.

(૩) ઓડીટરોની નિમણુંક

(૪) નિવૃત્ત થતી કાર્યવાહક સમિતિ જે કાંઇ કાર્ય રજુ કરે તે.

લી૦

૧૮૮, ઘઢાઇવાળા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ } ગાંધી **જમનાદાસ અમરચંદ.** મંત્રી : મુંબઇ જૈન યુવક સંઘ.

તા. ક.–સં. ૧૯૮૭ સાલનું સભ્ય તરીકેનું લવાજમ તથા પત્રિકાનું લવાજમ સાથે લાવવા નમ્ર સુચના છે.

## ભાઇશ્રી વીરચંદ પાનાચંદ

તા૦ ૫ **મીએ** યરોડા જેલમાંથી છુટયા છે. તા૦ ૬ ઠીએ "ડકન કવીન"માં તેઓશ્રી **નવમી** સંગ્રામ સમિતિના સભ્યો સાથે મુંબઇ આવી પહોંચ્યા હતા. કોન્ગ્રેસના આગેવાનો, માંડવીના વેપારી એસોસીએશનો, જૈન કોન્ફરન્સના આગેવાનો, શ્રી જૈન યુવક સંઘ, શ્રી જૈન સ્વયંસેવક મંડળના આગેવાનો તેઓશ્રીને સન્માન આપવા બોરીબંદરપર હાજર હતા. તેમને ગૌરવભર્યું **માન આપવા, સરઘસમાં** માંડવીપર લાવવા ગોઠવણ થઇ હતી. સંખ્યાબંધ માણસોએ ઘણું સારૂં માન આપ્યું હતું પણ તે વખતે પંડીત મોતીલાલજીના અવસાનના સમાચાર મળવાથી સરઘસ બંધ રાખવામાં આવ્યું હતું. અમે તેઓશ્રીને હાર્દીક અભિનંદન આપીએ છીએ.

સખ્ત ફટકો લગાવ્યો તેઓ રોગના ભોગ બન્યા આખરે સરકારે છોડયા.

દેશનું ભાવી તોલાઇ રહ્યું છે, દેશને પોતાના આ પનોતા પુત્રની જ્યારે અનિવાર્ય આવશ્યકતા છે. ત્યારેજ નિષ્ઠુર કાળે 'આઝાદીના એ અજોડ સેનાધિપતિ' ના જીવનપર મૃત્યુનો કાળો પડદો નાખ્યો !!

દેશ આખાએ 'વીર'ને પુન્ય ભાવે અંજલિ અર્પી ! એ વિરલ ત્યાગ, અવિરત શ્રમ, અને ધન્ય ફકીરીને આપણા હજારો વન્દન હો !!

*9: 2: 31:* આત્મેન.

# જમણ, ઉપધાન, વરઘોડા, વિ.ની વ્યવહારિક દૃષ્ટિએ ટુંકી મિમાંસા
— યાને —
# સહધર્મિઓની સેવા.

લેખક : સત્યકામ.

જૈન શાસ્ત્રમાં સહધર્મિઓની સેવાને ઘણુંજ ઉચ્ચ સ્થાન અપાયું છે, તેવીજ રીતે અન્ય ધર્મોમાં પણ તે ઉચ્ચ ભાવના વિષે ઘણું લખાયું છે. સહધર્મીની સેવા એટલે બન્ધુભાવ, સમાજ ઉન્નતિ અને મનુષ્ય સેવા. પારસી, ખ્રીસ્તી વિ. દરેક કોમ સહધર્મિઓની અનેક પ્રકારે સેવા કરી રહી છે. દરેક ધર્મ અને જાતમાં સિદ્ધાંત પરત્વે મતભેદ હોય પરંતુ ઉચ્ચ-ત્વનું ધ્યેય તો ઉદ્દેશજ હોય છે અને તેથી અમુક અમુક વિષયોમાં એક બીજાનું સારૂં તત્વ અનુસરાય તો તે ઉચિત છે.

'વિશ્વ બંધુત્વ'માં માનનાર કોઇ પણ વ્યક્તિ ન્યાત, જાત કે વ્યક્તિ સંબંધી ભેદ રાખતોજ નથી અને એવા પ્રકારનું વિશ્વ બંધુત્વ આખીએ આલમમાં ફેલાશે, પ્રજા પ્રજા માંહે અને એક બીજા રાષ્ટ્રો માંહે ભાઇચારો વધશે ત્યારેજ, આજની ખટપટ અને વિનાશકારી લડાઇઓ, અસંખ્ય શોણિત સરિતાઓ અને માનવ સંહાર અટકશે. પરમેશ્વર કહો કે ખુદા કહો યા કોઇ પણ માન્યતા મુજબ યા તેના ફરમાન મુજબ મનુષ્ય આત્મોત્કર્ષ માટેજ જગતમાં જન્મ્યો છે. **વસુધૈવ કુટુંબકમ્** એજ એનું રટણ હોવું જોઇએ અને એવીજ એને માબાપ, શિક્ષણ યા ધર્મોપદેશકો તરફથી પ્રેરણા મળવી જોઇએ. દેશભક્તિ એ વિશ્વપ્રેમની આડે નજ આવવી જોઇએ.

ખરી રીતે માનવ જાતના વ્યવસ્થાપકોએ પ્રગતિ કે સગવડતાઓ ખાતર મર્યાદાઓ બાંધી હશે. એ મર્યાદાઓ અવસર જતાં આજે ઉન્નતિમાં આડખીલી રૂપ થઇ રહી છે. આજે જગત એટલું જડભક્ત બન્યું છે કે અધ્યાત્મની વાતો એ હવાઇ કિલ્લારૂપ મનાય છે. પરંતુ એ ઠપકો જગતને શીરે તો નજ આરોપાય. ઉદર ભરવાને ખાતર જ્યારે આત્માની વાતો વેચાતી હોય ત્યારે તેનાં ફળ માઠાં આવે તેમાં કશુંએ આશ્ચર્ય નથી. આપણે તો, ઇચ્છીએ કે વિધવિધ પંથધારીઓ સ્વપંથે સરળ રીતે સંચરે તે ઠીક છે; પરંતુ જ્યારે પોતાનું સર્વાંશે સત્ય અને પારકાનું મિથ્યા એ ઢુંપદ દુનીયાની શેરીઓમાં ઢંકાતું હોય ત્યારે અવનીમાં અજ્ઞાનતાનાં વાદળ ઉભરે તો કોને કયાં દોષ દેવો? આજે આપણે ગચ્છભેદ અને પંથભેદને લીધે કેટલા પીડાઇએ છીએ? આપણી માન્યતાઓ અને રહેણી કહેણીમાં કેટલું વિષ અને કેટલી અનિચ્છનીય કટુતા વ્યાપી રહી છે? હું નથી ધારતો કે આપણી આ સંકુચિતતાઓ કોઇ રીતે દિગંત-મંડપના શોભા વધારતાં હોય!

આજે પાસેનાજ ઘરમાં એક ભાઇને પહેરવાં વસ્ત્રો ન મળતાં હોય, પેટ ભરવા મુઠી બાજરી ન મળતી હોય, એક બ્હેનને દળણાં દળવા પડતા હોય અને તેનાં પ્યારાં બાળુડાં મુંડીવાદીઓનાં છોકરાંની દેખાદેખીથી અને રીતભાતથી મન બાળતાં હોય ત્યારે અમારા ભલેરા ભાઇઓ શીરાના જમણ કરે છે. કમાઇના એવા ખર્ચથી સુકર્મની માંસહીઓ પરભવનાં ભાથાં માટે બાંધતા હોય તેમ માની ગૌરવ લે છે. અને જ્યારે આવાં કજ્જીઆરો કલેશનાં કારણો બનતાં હોય. આવા દુષ્ટ ભોજનો આપણી શાખ ઘટાડતાં હોય, આપણાંજ ભાઇઓ ઉપર એને કારણે જુલમ વર્ષાવાતો હોય ત્યારે હૃદયવાન માનવી તેને કેવી રીતે ધર્મ કહી શકે? તેને પ્રીતિભોજન કે સાધર્મી વાત્સલ્ય કેમ ગણી શકે! અરે શું શાણા કહેવાતા એ પક્ષના કેટલાક અગ્રગણ્ય આવેલા આવે વખતે અંધેરી નગરીમાં શાણપણ ગુમાવી બેઠા હતા? વણીક કહેવાતા વણીકોએ શું બુદ્ધિ ગીરો મૂકી હતી? અંધશ્રદ્ધાને પણ કંઇક હદ હોય છે. આવું અંધેર યુવકો કેમ સાંખી શકે? લોકો કહે છે મુંબઇમાં "મવાલીઓ" વધવા માંડયા છે; તેમને મોઢે ડુચો હવે કેવી રીતે દઇ શકાય?

વરઘોડા કે ઉજમણું પ્રસંગોજ અને અત્યંત સરળ રીતે થતાં હોય તો કોઇને તેનો વિરોધ કરવો નજ ગમે. વરઘોડામાં બેન્ડ કે ધામધુમ ન હોય, ઉજમણાંઓમાં પરદેશી વસ્ત્ર કે શોખની વસ્તુઓનાં પ્રદર્શન ન થતાં હોય તો તેવી પ્રભાવનાઓ ભલે થાય. આવા પ્રસંગો ખર્ચાળ, ખેલાડરૂપ અને દંભ તેમજ વ્યક્તિગત ખોટી કીર્તિના કારણો બને તેની સામે અમારો પ્રચંડ વિરોધ છે. આજે અમારી લગ્ન પ્રથામાં અમે પાંચ રૂપીઆ ખર્ચી પતાવતા શીખીએ ત્યારે આડંબર-નેજ ખાતર થતી વિધિઓમાં અમે શા માટે વિઘ્ન ન કરીએ? જો કોઇ સાધુ અમારા ભાઇઓને વારૂચાતુર્યથી એવા નાણાંના ધુમાડા કરાવે, ચારિત્ર અને પવિત્રતાને નામે કલેશ કરાવે, અમારા દેશની વિરૂદ્ધ થવા પ્રેરે, અમારી કીર્તિમાં અને મહાવીરનાં શાસનમાં જગતની દૃષ્ટિએ ડાઘ લાગે તેવી ઉશ્કેરણીઓ કરે તો તેવા સાધુમાં અમને કયાંથી સાધુતા લાગે?

અને આજે ફક્ત ઉપરોક્ત વિધિઓ દુનીયામાં ધર્મ ફેલાવશે, એમ માનવું મિથ્યા છે. દુનીયા હવે સહે નથી સહી શકતી. આંતર પરિક્ષાની આજે ખાસ જરૂર છે. અનેક ધર્મો એ અનેક સરિતાઓ રૂપ છે અને તે સર્વે વિશ્વ સંસ્કૃતિના મહાસાગરમાં મળે છે. ધર્મોની તુલના ધર્મના વ્યક્તિગત કાળા ઉપર થાય છે. એટલે આજ તો કંઇક સત્વચિત (concrete) કાર્ય કરવાની જરૂર છે. આજે જૈન સમાજના મંદિરો કરતાં માનવ મંદિરોનો ઉધ્ધાર કરવા કંઇક કરે તો તે સત્ય ધર્મ કહેવાશે અને આજે સાધુ સમુદાય ગુજરાત કરતાં દેશના અન્ય પ્રદેશોમાં વિશેષ વિહાર કરી જનતાને જૈન ધર્મથી પરિચિત કરે, દંભ નહિં પરંતુ સંસ્કૃતિના ખરા પાઠો પઢાવે, મહાવીરનો પંથ વધારે. એ વાત કહેવાની વિશેષ આવશ્યકતા નથીજ. ફક્ત સંખ્યા વધારવાથી જૈન સમાજનો ઉદ્ધાર નહીં થશે.

આજે પારસી કોમની સુવ્યવસ્થાથી, તેમના ખરા બંધુભાવથી અને ગુપ્ત દાનોથી તે કોમ કેટલી દીપી રહી છે? તેમનામાં કેવી સરસ નાગરિક તરીકેની ભાવના પ્રવર્તી રહી છે? અરે વિશાળ એવી ખ્રીસ્તીઓની જાત આજે અવનીને ખુણે ખુણે પડી છે. અમુક અંશ બાદ કરતાં તે કોમના પાદરીઓ ઠેર ઠેર શાળાઓ, ઉદ્યોગ, દેવમંદિરો, દવાખાનાંઓ, વ્યાયામશાળાઓ સ્થાપી પોતાના સિધ્ધાંતોનું કેવું પધ્ધતિસર પ્રચાર કરી રહ્યા છે? તેઓ માનવ જાતિના હિત માટે તન, મન અને ધનથી કાર્ય કરી રહ્યા છે. જૈન કોમ દુનીયાને કંઇ સત્ય સુઝાડવા માગતી હોય તો તેણે અવશ્ય આવું પદ્ધતિસર કાર્ય કર્યા સિવાય છુટકો નથી.

જૈનો! જાગો અને જૈનત્વ દીપાવો.

## ૨૦૦૦૦ નું શું થશે ?

ઝવેરીવાડમાં શ્રીમાન દાનવિજયના પ્રમુખપણા નીચે હમણાં ઉપધાન થયાં અને તેમાં રૂા. ૨૦૦૦૦ ની ઉપજ થયાનું શ્રીમાનનું વાજીંત્ર "શુક્રવારીયું" તેના છેલ્લા અંકમાં પ્રગટ કરે છે. તે આનંદની વાત છે કે શાસનપ્રેમીઓમાં કેટલાક પૈસે ટકે દુઃખી છે અને પૈસા કમાવાને માટે કંઇક શાસનપ્રેમીઓ આંકફરક જેવા જુગારના ધંધા કરી દીનપરદીન સાફ થતા જાય છે, ત્યારે શાસનપ્રેમીઓનો ઉદ્ધાર કરવો બાજુએ રાખી, શ્રીમાન શાસનપ્રેમીઓનાં ગજવાં સાફ કરે છે અને તે થોડી ઘણી રકમથી નહિ, પણ રૂા. ૨૦૦૦૦ થીજ. શું મઝાનો તડાકો પડ્યો છે ને ? આ રૂપીઆ વિષે વિચાર આવતાં મેં મારા એક મિત્રને પૂછ્યું કે, "દોસ્ત, આ રૂા. વીસ હજાર જે ભીનાં ભોળાઓને ઉપધાનના વખતમાં ભેગા કર્યાં છે તે શામાં વપરાશે ?"

દોસ્ત—"ભાઇ જગદીશ, જોયું નહિ કે ગઇ સાલમાં શ્રીમાન દાનવિજયે પુસ્તકો છપાવવાં છે એમ અંધશ્રદ્ધાળુ જૈનોને સમજાવી લગભગ પોણો લાખ રૂપીઆ લાવેલા. તે બધા જે રીતે વાપર્યાં તે રીતેજ આ રૂપીઆ વળી વપરાવાના, એમાં પૂછે છે શું ?"

જગદીશ—"ભાઇ તું કહે છે તેમાં મને તો કંઇજ સમજ પડતી નથી."

દોસ્ત—"જો સાંભળ જગદીશ, ગયા વર્ષમાં અહીં જે કેસ ચાલ્યો હતો તેમાં કેટલાક રૂ. વપરાયા, વળી દીક્ષા લેનારાઓના માથે કરજ હોય તેમાં પણ ચુકવાય, જેને દીક્ષા આપવાની હોય તેના કુટુંબને પાછળથી કંઇક છાની રકમો પણ આપવી પડે, વળી છોકરાં સંતાડવામાં પણ વપરાય. આમ આ શ્રીમાનને રૂપીઆ વાપરવાના ઘણાએ રસ્તા છે."

જગદીશ—"પણ આ તો દેવદ્રવ્ય કહેવાય તેનું શું ?"

દોસ્ત—"ભાઇ તું તો એવોને એવોજ રહ્યો. આ શ્રીમાન અને તેમની પાર્ટી તો દેવદ્રવ્યની વ્યાખ્યાજ જુદી કરે છે."

જગદીશ—"એ વળી શું ?"

દોસ્ત—"દેવદ્રવ્ય" જૈનના કામમાં ન આવે. પણ તે દ્રવ્યથી કોર્ટના ઝઘડાઓ લડાય, છોકરાં સંતાડાય, છાની દીક્ષાઓ અપાય. બે પક્ષોને લડતી એક પક્ષને પૈસા આપી પોતાના પડખે રખાય, વીર શાસન અને પ્રવચન ચલાવાય પણ જો જૈન દુઃખી હોય અને તેના ઉપયોગ માટે સાધારણ ખાતેથી પૈસા અપાય તે આ કહેવાતા સાધુને જરાએ પસંદ નથી. આ બધી રીતોમાંની ગમે તે રીતે આ રૂ વીસ હજારનું પણ કંઇક થશે.

જગદીશ—"પણ ભાઇ; આ પૈસા આપનારાઓ શ્રીમાનને કંઇજ પૂછતા નહિ હોય કે તમે આ રૂપીઆનું શું કર્યું અથવા શું કરવાના છો ?"

દોસ્ત—"એજ ખુબીની વાત છેને. આ શ્રીમાનની પાટ શોભાવી રહેલ "રામ" પોતાના પ્રવચનમાં કહે છે કે અમને (સાધુને) કંઇજ પૂછી શકાય નહિ, અમે જે કરીએ તે તમારા લાભને માટેજ કરીએ છીએ. અમારે ક્યાં મોટર ગાડીઓ દોડાવવી છે ? અમારે તો દીક્ષાજ આપવી છે. જેને ગમે તે રીતે આપીએ તેમાં તમને શું ? આવી રીતે (સાધુને ન પૂછી શકાય) કહીને બીચારા અજ્ઞાન મનુષ્યોને પોતાના પંજામાં સપડાવી તેમનાં ખીસ્સાં ખાલી કરાવી મેં આગળ કહ્યું તેમ પૈસાનો ઉપયોગ કરે છે અને આ રૂપીઆનો પણ તેમ કરશે. એ કંઇ નવીન વાત નથી."

જગદીશ—"જો તારી ભવિષ્યવાણી ખરી પડે તો ગજબજ થયો કહેવાય."

દોસ્ત—"એવું કંઇજ છે નહિ. પોણો લાખ વપરાયા કહેવાય છે તેમજ આ વીસ હજારનું થશે. જોને વળી પાછા રામવિજય અહીંજ ચોમાસું કરવાના છે. તે અત્યારે તો પાલીતાણા તરફ પગ લંબાવી રહ્યા છે પણ પાલીતાણાની મુસાફરી કરીને તે શ્રીમાન વહેલાજ પોતાની સ્થાપેલી અને માનીતી સંસ્થાનું સંમેલન ઉજવી કેટલાક નવદીક્ષીતોનો વધારો કરી પાછા પોતાનાં માનીતાં પગલાં મુંબઇમાં કરશે અને લાલબાગનો અખાડો ગજાવશે."

જગદીશ—"અરે ભાઇ તું શું કહે છે ? બબ્બે ચોમાસાં તો અહીં કર્યાં અને વળી પાછા અહીંઆંજ ?"

દોસ્ત—"ભાઇ જગદીશ, તુંજ કહેને કે તે હવે ચોમાસું ક્યાં કરે ?"

જગદીશ—"દક્ષીણ તરફ અથવા તો મારવાડ તરફ તો જૈનો જૈન મટીને જૈનેતર થઇ રહ્યા છે ત્યાં ખાસ જૈન સાધુઓને જવાની જરૂર છે."

દોસ્ત—"ભાઇ, આ સાધુઓને તે તરફ ગમે પાલવે તેમ નથી. કારણ કે મુંબઇમાં સ્થાપેલી સોસાયટી બિચારી બાળકજ છે. વળી કહાત શાસનપ્રેમીઓ શાસનધર્મ શાથી વિરોધી અને એવાં અનેક કારણોને લઇને તેમણે માની લીધેલું કેન્દ્રસ્થાન મુંબાઇ કેમ છોડી શકાય ? વળી ગુજરાતના પાટનગર અમદાવાદમાં તો જવાય તેમજ નથી. પછી મુંબઇમાં ચોમાસું ન કરે અને ભેગા થએલા રૂપીઆનો ઉપયોગ મરજી મુજબ ન કરે તો બિચારા રામપ્રેમ દાન શું કરે ? ભાઇ જગદીશ, આપણે ફરી પાછા મળશું ત્યારે હું તને બતાવીશ કે મારી ભવિષ્યવાણી ખોટી પડી નથી. અત્યારે તો આટલુંજ બસ છે."

ઉપર પ્રમાણે મારા એક દોસ્ત સાથે થએલ વાતચીતનો ટુંક સાર અત્રે આપું છું અને અમે બે દોસ્તો ફરી પાછા મળશું ત્યારે મારા દોસ્તની ભવિષ્ય વાણી ખોટી પડી છે કે કેમ ? તે લખીશ. લી૦.

જગદીશ.

## શ્રી જૈન દવાખાનું, પાયધુની મુંબઇ.

**જાન્યુઆરી માસનો રીપોર્ટ :** આ દવાખાનામાં ગયા જાન્યુઆરી માસમાં ૭૩૬ પુરૂષ દરદીઓ, ૭૧૭ સ્ત્રી દરદીઓ અને ૩૪૫ બાળક દરદીઓ મળી કુલ્લે ૧૭૯૮ દરદીઓએ લાભ લીધો હતો. દરરોજની સરેરાશ દરદીની હાજરી ૫૮ ની થઇ હતી. બાઇ ડોકટરે ૨૬૯ સ્ત્રી દરદીઓની સારવાર કરી હતી.

**જોઇએ છે :** સુશિક્ષિત, ખાનદાન કન્યા માટે લાયક લગ્નનો ઉમેદવાર: ઉમ્મર વર્ષ વીસ થી પચ્ચીસનો. અભ્યાસ, કુટુંબ અને ધંધા વિગેરેની સર્વ માહીતી સાથે લખો :

**ચીમનલાલ** c/o શ્રી જૈન યુવક સંઘ પત્રિકા.

ખસતા માણસોએ લખવું નહિં.

# ખાદી વિરૂધ્ધ મુનિરાજ.

## બાધા આપવા પાડેલી ના.

આણંદ તાબે ગોધાવી ગામમાં ગઇ તા૦ ૨૫-૧-૩૧ મહા સુદ ૬ ને રવીવારના રોજ ઉપધાન વ્રતધારીઓને માળ પહેરાવવાનું શુભ મુહૂર્ત હતું કે જે પ્રસંગે માળ પહેરાવનાર વ્યકિતને કોઇને કોઇ નીયમ (વ્રત) પોતાની ઇચ્છા મુજબ લેવાનું હોય અને તેવા વ્રત યા બાધા તે પ્રસંગે બીરાજતા મુની મહારાજોમાંના એક લેવરાવે છે. આ પ્રસંગે મ્હારે પણ મ્હારી બે બ્હેનોને માળ પહેરાવવાની હતી, તે પ્રસંગે મ્હને પણ બીરાજતા મુનીશ્રી મનહરવિજયજીએ કાંઇક વ્રત લેવાને જણાવ્યું. મ્હેં જીંદગી સુધી ખાદી પહેરવાની પ્રતિજ્ઞા માગી પણ કોણ જાણે શાથી તેઓશ્રીએ તે પ્રતિજ્ઞા મ્હને આપવાને ચોખ્ખી ના પાડી અને વધુમાં મને જણાવ્યું કે ખાદી પહેરવી તે ધાર્મિક વિષય નથી. જ્યારે મ્હેં તેઓશ્રીને ખુલ્લું જણાવ્યું કે વિલાયતી કાપડમાં ચરબી અને બીજા તેવા પદાર્થો વપરાતા હોઇ તે અંગે લાખ્ખો જીવોની હિંસા થાય છે તેનો બચાવ થાય તેને આપ શું ધાર્મિક વિષય નથી માનતા? ખાદી તૈયાર થવામાં કોઇ જાતની હિંસા નહિ થતી હોવાથી તે શુદ્ધ અને પવિત્ર છે. છતાં મહારાજશ્રીએ તેવી બાધા આપવાને ચોખ્ખી ના પાડી.

મ્હારી બીજી બ્હેનને માળ પહેરાવવાના વખતે ફરી પણ મને વ્રત લેવાને ના પાડી અને મ્હારી ઇચ્છા મુજબ વ્રત આપવાને ત્યાં હાજર રહેલા ભાઇ કેશવલાલ હેમચંદે મહારાજ સાહેબને કહ્યું ત્યારે મહારાજ મનહરવિજયજીએ જવાબમાં જણાવ્યું કે તેમને વ્રત લેવુંજ નથી. આ ઉપરથી મહારાજશ્રીને નમ્ર વિનંતિ કરી મ્હારે ધ્યાન ખેંચવું પડ્યું કે આપશ્રી ખોટું કહો છો, મ્હેં વ્રત લેવાની ના પાડી છેજ ક્યારે, પણ આપજ આપવાની ના કહો છો, જ્યારે મહારાજશ્રીએ ખુલાસો કર્યો કે એમને ખાદી પહેરવા સિવાયની બીજી બાધા લેવી નથી. જે હું એમને આપી શકતો નથી. તેથી મ્હેં પણ ખાદી પહેરવાના વ્રત સિવાય બીજું કોઇ પણ વ્રત લેવાની અને મ્હારી બ્હેનોને મ્હેં માળ પહેરાવી. આ ઉપરથી મને ચોખ્ખું અને સ્પષ્ટ સમજાય છે કે મુનીશ્રી મનહરવિજયજી શુદ્ધ અને પવિત્ર ખાદી ખરબચડી અને જાડી હોવાથી તેમાં પવિત્રતા અને હિંસા માનતા નથી. પણ બારીક અને મુલાયમ પરદેશી કાપડ કે જે લાખો જીવોના ભોગે તૈયાર કરવામાં આવે છે તેમાં પવિત્રતા માનતા હોય તેમ જણાય છે.

જૈન કોમના વિદ્વાન વર્ગને વિનંતિ કે તેઓ આ બાબતમાં વધુ પ્રકાશ પાડી શકશે કે?

લી૦ મણીલાલ હરખચંદ.

ઠે૦ જુની કાલબાદેવી પોસ્ટ ઓફીસ સામે, મુંબઇ નં૦ ૨.

---

**સમાચાર-** પત્રિકા માટે દરેક સ્થળના યુવાનોને સમાચાર મોકલી આપવા નમ્ર સુચના છે.

---

# ગોધાવીના સમાચાર.

—(૦)—

**શુદ્ધિ:** અત્રેની વીશા શ્રીમાળીની જ્ઞાતિના ભાઇ મોહનલાલ નગીનદાસ જેમણે પાંચ વર્ષ ઉપર અન્ય સમાજની કન્યા સાથે લગ્ન કરેલ હોવાથી અત્રેની જ્ઞાતિએ તેવણને જ્ઞાતિથી દુર કરેલા, તેને મહા સુદ ૬ ના રોજ ઉપધાનની માળના અંગે આચાર્યશ્રી સિદ્ધિસૂરીશ્વરજી અત્રે પધારેલા તેવણને ઉપરની હકીકતની જાણ થતાં બન્ને પક્ષોની હકીકત સાંભળી લીધા બાદ ભાઇ મોહનલાલને તેમના પત્નિ સાથે શુદ્ધ કરીને જ્ઞાતિમાં લેવરાવ્યા છે અને ભાઇ મોહનલાલ પાસેથી રૂ. ૩૫) પાંત્રીસ જ્ઞાતિને અપાવ્યા છે.

**મનહરવિજયનો દાવ:** અત્રે ઉપધાન કરાવવાને પધારેલા શ્રી મનહરવિજયજીના જાણવામાં આવેલું કે અત્રે સુપનની ઉછામણી અંગે જે ઉત્પન્ન થાય છે તેનો એક ભાગ જ્ઞાન ખાતે અને એક ભાગ સાધારણ ખાતે મહાજન ઘણા વર્ષોથી ખર્ચે છે તે રીવાજમાં ફેરફાર કરાવવા માટે પોતાના પાંચ સાત ભકતો સાથે સંકેત કરી રાખ્યો અને મહા સુદ ૭ મે સવારના વિહાર કરતી વખતે ગામની બાહરે ઉપદેશ દીધા પછી તેમના પાંચ સાત ભકતોએ અનેક માણસોના વચમાં બાધા લીધી. કે 'જ્યાં સુધી સુપનની ઉત્પન્ન દેવદ્રવ્યમાં ખરચવાનો ઠરાવ ન થાય ત્યાં સુધી અન્ન પાણી બંધ છે.' મહારાજે પણ વિચાર કર્યા સિવાય બાધા આપી અને ભકતોની ટેક જાળવવા કે આકરી બાધાથી ઉભરાઇ આવેલ લાગણીના લીધે વિહાર મોકુફ રાખી મનહરવિજય ગામમાં પાછા ફર્યા અને બપોરના ટાઇમે મહાજન (સંઘ) ભેગું થયું. મહાજનમાં પણ કંઇક રસાકસી થઇ આખરે એક ભાઇએ કહ્યું કે આજથી દશ બાર વર્ષ ઉપર સદગત આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજના ઉપદેશથી આપણે સુધારો કરેલો છે. અને તે પ્રમાણે વર્તીએ છીએ. આજે એક મહારાજ બીજું કહે, વળી કાલે આવનાર બીજા મહારાજ ત્રીજું કહે. એટલે આપણે સૌના કહેવા પ્રમાણે સુધારા કરે જવા અને મુળ સુધારાને વિખી નાખવો? શું! સદગત્ આચાર્યશ્રીએ વિચાર્યા વિના સુધારો કરાવ્યો હશે? માટે લગાર વિચાર કરો. આખરે અત્રેના મહાજને ડહાપણ વાપરી જે પ્રમાણે સુપનની ઉત્પન્નનો વ્યય કરવાનો રીવાજ છે તે કાયમ રાખ્યો. મહાજનના કામમાં સમજદારી વાપરી ઉતાવળ કરવામાં ન આવે તો વધુ સારૂં. નાના ગામના મહાજનમાં એક સંપ હોય એ ઘટતી જતી સંખ્યા જોતાં ઘણું જરૂરનું છે.

**ખાદી પ્રત્યે સુગ:** એવો સાધારણ રીવાજ થઇ પડયો છે કે માળના મહુર્ત વખતે માળ પહેરાવનાર ભાઇને કંઇ પણ બાધા લેવી જોઇએ અને મોટો ભાગ ભલે બાધા લે છે. તે પ્રમાણે ભાઇ મણીલાલ હરખચંદે પોતાની બે બ્હેનોને માળ પહેરાવી ત્યારે મનહરવિજયજીએ બાધા માટે કહ્યું કે તરતજ મણીભાઇએ અનેક માણસોની વચમાં હાથ જોડયા ને કહ્યું કે 'જીંદગી સુધી શુદ્ધ ખાદી પહેરવાની બાધા આપો.' ત્યાં મનહરવિજય કહે છે તે બાધા ન અપાય. ભાઇએ પ્રશ્ન કર્યો કે સાહેબ! પરદેશી કપડાંની કાંજી માટે લાખો પંચેન્દ્રીય પ્રાણીની ચરબી અને લોહીનો ઉપયોગ કરવામાં આવે છે. એટલે મીલમાં બનેલા કાપડ પાછળ ભયંકર હિંસા છે, તે કપડાં અપવિત્ર છે, ત્યારે શુદ્ધ ખાદી પવિત્ર છે. તે પહેરવામાં અનેકગણું પુન્ય છે, છતાં તે બાધા આપવામાં આપ શાથી આનાકાની કરો છો? છતાં મહારાજે તો ઉડાઉ જવાબો આપીને બાધા નજ આપી. આ ઉપરથી મને તો લાગ્યું કે મહારાજશ્રીને મીલમાં બનતાં મુલાયમ કપડાંનો મોહ હોવાથી ખાદી પ્રત્યે સુગ હોય, પછી બાધા કેમ આપે?

# સાહિત્ય પ્રદર્શન—સમીક્ષા.

અમદાવાદના જૈન સાહિત્ય પ્રદર્શનથી જૈન સમાજ ભાગ્યેજ અજાણી હશે. ઘણાએ એ નજરે નહિં દીઠું હોય છતાં લાંબા લાંબા હેવાલ તો 'સમાચાર' ને 'શાસન'માં વાંચ્યાજ હશે. છતાં ઉજળું એટલું દુધ માની લેવાનું નથીજ. એમાં જેમ જાણવાનું છે તેમ લજવાનું પણ છે. દૂર દૂરથી પ્રાચીન સાહિત્ય મંગાવી જનતાને દર્શનનો લાભ આપવા રૂપ જેમ ઉત્તમ કાર્ય એ દ્વારા સધાયું છે તેમ કેટલાક વિકૃત પ્રસંગો ઉભા કરી જનતાને આડે રસ્તે દોરવાનું કાર્ય પણ કરવામાં ઉણપ નથી રાખી. આમ કરી 'સાહિત્ય પ્રદર્શન' જેવા એક સુંદરતમ પ્રસંગને પક્ષાઘાત પહોંચાડવા જેવું કર્યું છે.

પ્રદર્શનના મંડપમાં પગ મૂકતાંજ જે જાહેરાત આંખે આવે છે તે પરથી વિચારક હૃદય જરૂર પામી જાય તેમ છે કે પ્રદર્શનને નામે દેશવિરતિ સમાજને અને પેલી તકરારી પંચમેન સોસાયટીને આગળ આણવાનો પ્રયાસ સેવાયલો છે. સાહિત્યનો ઉપાસક સાહિત્ય સંબંધી વિવિધતા જાણવા યત્ન આરંભે છે ત્યાં તે વિદ્વાનોના જુદા જુદા દ્રષ્ટિબિન્દુઓના સ્થાને માત્ર દેશવિરતિ સમાજના આશયો અને એમાં આંખો મીંચીને વર્ષી જનાર શ્રીમાનોના નામો દેખે છે. એક રીતે કહીયે તો મંગળાચરણમાંજ સોસાયટીવાળાના લાંબાં લાંબા પોકળ પુરાણના ઓઠાં અને હનુમાનના પૂંછડા સમા લાંબા લાંબા ઉદ્દેશો નજરે આવે છે. છાપાનો વાંચનાર તો તુરત પોકારી ઉઠે છે કે આતો પંચમેન સોસાયટીનો કેવળ દંભ છે. એ ભાઈએ માત્ર સાગરજી ને પ્રવરજીની મોરલીએ નાચવા સિવાય શાસનનું કંઈ પણ હીતું કર્યું નથી. ઉલટા કલેશાગ્નિને વૃદ્ધિ પમાડવામાં ઘી હોમવાનું કાર્ય આચર્યું છે. શું સોસાયટી મેંબરોના ફોટો ગણાવવા કે દેશવિરતિ સમાજના પ્રમુખોના ફોટા લટકાવવા એ સાહિત્ય પ્રદર્શનનો વિષય છે કે? જો ફોટાની અભિલાષા છોડી શકાતી નહોતી તો સાથે સાથે એમના જીવન પણ આપી દેવા હતાને? એ વિરતિના આરાધકોએ સારાયે સમાજમાં કેવો કુસંપ પ્રજ્વલિત કર્યો છે એ જૈન સમાજથી છુપું નથીજ. ભલે પ્રદર્શનના ઓઠા હેઠળ એમને જનતામાં પ્રૌઢ પુરૂષો તરીકે જાહેરાત આપવાનો યત્ન સેવાય છતાં આંખ મિંચનો ભેદ-પરખાયા વિના નથીજ રહી શકતો. આવી ચાલબાજીએથી પાટણ, જામનગરના સંઘોના ઠરાવો જરા પણ ફેરવાય તેમ નથી. ભલે ફોટામાં કોઈ ચોપડી લઈ ધર્માત્માનો સ્વાંગ ભજવે વા કોઈ ધર્મના નામે પ્રવચન કરતો નયન પથમાં આવે આમ છતાં જે સ્થિતિ પાટણ, જામનગર, ખંભાત આદિમાં વર્તે છે તેના નિમિત્તમાં શેઠ નગીનદાસ, પોપટલાલ કે કસ્તુરભાઈએ કેવા ભાગો ભજવ્યા છે તે જગજાહેર છે. એ ભૂતકાળનો ઇતિહાસ એમના દેશવિરતિપણામાં રહેલી તરતમતાની ઝાંખી કરાવી આપે તેમ છે. તેઓ જો એમ માની બેઠેલા હોય કે ઉક્ત સમાજના સભ્ય હોય તોજ દેશવિરતિ અને એમાં ધન આપે તોજ ધર્મી તો એમાં ભૂલ થાય છે. વળી એવા વિવેક વગરના વ્રતધારીઓ છે અને બીજા પણ હશે કે જેમના અંતરમાં નથી તો પક્ષાપક્ષીની આંધી કે નથી તો પોતે વ્રત ધારી છે માટે આગળ પડવાની ભાવના. વ્રતના રૂપ માપવામાં માનવી કૃત કાંટા કાટલાં નકામાં છે. પછી તે દેશ વિરતિ રૂપે હોય કે અન્ય ગમે તે નામે ચલાવતા હોય! ઓલ ઇન્ડીયા પંચમેનનો 'ગાડર અનુકરણ' રૂપ પ્રતિભાસ ઉકેલી પ્રદર્શનનું મહત્વ ઘટાડવાનું ઉચિત નથી લાગતું એટલે તે પ્રતિ આંખ આડા કાન ધરી સાહિત્યના સાચા દર્શન કરતાં પૂર્વે ઉક્ત સંસ્થાની જાહેરાત કરતા હોલમાં ગોઠવેલા બે દ્રશ્યો સબંધે થોડું વિચારી લઈએ.

વસ્તુપાળ મંત્રીશ્વરે સાધુનું અપમાન કરનાર રાજાના મામાને શિક્ષા કરી હતી એ પ્રસંગનુ એક ચિત્રપટ તૈયાર કરેલું છે. એ પરથી મોટા અક્ષરે એવો સાર તારવ્યો છે કે—

સાધુનું અપમાન સાચો જૈન સહન નજ કરી શકે એવું અપમાન કરનારના આવી રીતે કાંડા કાપી નાંખે.

જૈન દર્શનનો પૂર્ણ અભ્યાસી આવો ભાવાર્થ હરગીજ નજ તારવે. આખાયે પ્રસંગને આવી રીતે ચિતરી વિરૂપ બનાવેલ છે. મંત્રીએ લીધેલ પગલું એ કેવળ સાધુના અપમાન માટે નહિં પણ એક નવિન સાધુની નજીવી ભૂલ માટે રાજવીના મામાએ કરેલ શિક્ષાના પ્રતિકાર રૂપે હતું. ખુદ ગુરૂશ્રીએ તો મંત્રીને મુનિના પ્રમાદથી ખમવું પડવાનું અને તે અમારો તો ધર્મજ છે એમ જણાવી વાતને મનમાંથી કહાડી નાંખવાનુંજ જણાવ્યું હતું; પણ મંત્રી જેવા પ્રબળ રાજ્યાધિકારીને પ્રતિભાસંપન્ન માનવીને સ્વતઃ વિચારે કરતાં, રાજાના મામાનું આ કાર્ય ભયંકર ભાસ્યું. એમાં ભુલના બદલા કરતાં સત્તાનો મદ વધુ પડતો દેખાયો. કાયદો હાથમાં લઈ ધર્મ પ્રત્યે રોષદર્શન કરાવતો તિરસ્કાર જણાયો એટલે તેની ખો ભુલાવવા અને ફરી તેવું નિંદ્યકાર્ય કોઈ કરવાની હિંમત ન કરે એ સારૂ કાંડુ કાપવા સુધીની હદે જવું પડ્યું મંત્રીએ નવિન સાધુની કસુરને છાવરવા લેશમાત્ર યત્ન સેવ્યો નથી, તેમ એ ઉપરથી એવો અર્થ તારવી નજ શકાય કે મુનિ ગમે તેવું આચરણ કરે છતાં ગૃહસ્થ યા શ્રાવક તેમને કંઇ પણ સુચના કે શિક્ષા નજ કરી શકે! તો પછી શ્રાવકોને સાધુઓના પિતાની ઉપમા આપી છે તેનો શું અર્થ? વળી ગમે તેવા ઉપસર્ગો સહન કરવાનું જે મુનિ માટે કહેવામાં આવ્યું છે તેનું શું કારણ? અલબત, એ ખરૂં છે કે શક્તિસંપન્ન જૈન પોતાના ગુરૂનું હિત વિનાનું અપમાન ન સાંખી શકે છતાં સાથે એ પણ ચોક્કસ છે કે ગુરૂ પણ દેશકાળ પર દ્રષ્ટિ કર્યા સિવાય અને સમજુ જૈનોની વાત પર લક્ષ્ય દીધા વગર ગમે તેવા માર્ગે ધર્મના બહાને ન કરવાના કાર્યો ધપાવે રાખે નહીં. ઉક્ત પ્રસંગના રહસ્યમય ભાવને રખે કોઈ આજની ચાલી રહેલી ધાંધલ સાથે ભેળવી દે. નસાડવા-ભગાડવાની પ્રવૃત્તિને આ દ્રષ્ટાંતની સાથે કંઈજ લેવા દેવા નથી. આજે તેવા ગૌરવશાળી અમાત્ય પણ ક્યાં છે? અને રાજકાજ કે રાષ્ટ્ર પ્રવૃત્તિથી આગતા-આપણા કેટલાક ઉપદેશકોએ આપણને રાજ્યમાં કે રાષ્ટ્રમાં અગ્રગામી થવાજ ક્યાં દીધા છે કે જેથી મંત્રીશ્વર જેવું પરાક્રમ દાખવી શકીએ? જ્યાં વ્યાયામદ્વારા બળાઢ્ય ને દૃઢ મનોબળી થવાના કાર્ય સામે આડી દિવાલો ઉભી થાય છે ત્યાં ઉપરોક્ત પ્રસંગની આશા રાખવી એ શશશૃંગ સમ છે.

વસ્તુપાળના નામે ઝનુન ચઢાવી ખરેખર વૈમનસ્ય વધારવા સારૂ તો આ ચિત્રપટ તૈયાર નથી કરાયુંને? એવી સહજ શંકા થાય તો તે અસ્થાને તો નજ ગણાય. "પ્રેક્ષક."

(ચાલુ)

આ પત્રિકા મંગળદાસ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, બાબા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચહાઈવાળા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

ટ્રસ્ટીઓનો દોર.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. | સંવત ૧૯૮૭ ના મહા વદી ૧૪. | છુટક નકલ : |
| અંક ૭ મો. | તા૦ ૧૬-૨-૩૧ | ૦॥ આનો. |

## વઢવાણના વાયરા.

ચૈત્ર માસમાં શ્રી આયંબિલ તપનું ઓળી પર્વ અત્રે ઉજવવાનું છે એ વઢવાણના સૌભાગ્યના દીવસો છે. પણ સાથે સાથે પેલી અળખામણી સોસાયટી ભાઇનું સંમેલન દેશવીરતી સમાજના નામે તેની ઝેરી પ્રચારકાર્ય પ્રવૃત્તિ માટે ભરાવાનું છે તેથી અત્રેની જૈન જનતા શૌક અને ભયની નજરથી જોઇ રહેલ છે. કારણ કે ઘરે ઘેર કુસંપના વાવેતર ધર્મના નામે વાવવા એ એનું મુખ્ય કાર્ય છે.

હમણા હમણા તો અઠવાડીયામાં બે થી ત્રણ વખત અમદાવાદથી દીક્ષાના દલાલો ને ધર્મના નામે પેટ ભરનારાઓ, અત્રે આવે છે જાય છે. લાગવગો લગાડે છે અને શેઠોને સમજાવે છે કે—"જુઓ તમારી નાતના તકરારનો ફેંસલો પેલા મુંબઇવાળા જીવાભાઇ શેઠે કર્યો છે, જે તમોએ કબુલ નહિ કરવાની જે નોટીસો આપી છે તે પાછી ખેંચી લ્યો. નહિ તો તે શેઠશ્રી ? આ શુભ પ્રસંગ પર અત્રે આવી શકશે નહિ અને તેઓ સાહેબ ન આવે તો પેલા નગીનદાસ સંઘવી પણ કેમ આવી શકે ? અને તેઓશ્રી ન આવે તો પછી શોભા કેમ આવે ?" ત્યારે અત્રેના મુત્સદી ભાઇઓ જવાબ આપે છે કે—"ભલા ભાઇઓ ! જીવાભાઇ શેઠ કે નગીનભાઇ શેઠ ન આવે તો ધર્મની શોભા ઘટશે નહિ, આયંબિલ તપનું ફળ ઓછું થશે નહિ. અહિંના દેરાસર કે ઉપાશ્રય જીવાભાઇ શેઠ ન આવે તો પણ ઉઘાડા રહેશે ? કે જ્યાં ધર્મ આરાધન કરવાનું છે."

"જો ! એ ! હો ? પેલા યુવક સંઘવાળા કોઇ આવે તો તેને ઉતરવા ઉતારો આપશો નહિ. તેઓ નાસ્તીક ને અધર્મીઓ છે. આવી આવી વાતો કરી અમૃતમાં ઝેર ભેળવે છે.

અત્રે પૂજ્ય મુનીવર શ્રી તીલકવિજયજી લીંબડીવાળા બિરાજમાન છે તેઓશ્રી વયોવૃધ્ધ સમતા ગુણી, જ્ઞાન ગંભીર શાંત મૂર્તી છે. અમદાવાદના સોસાયટીના બે સભ્યો ઉપર્યુંકત કામ માટે આવેલા હતા તે વાંદવા આવેલા. તેમાંથી એક ભાઇએ દીક્ષા માટે ઘાંટા પાડી જાડુ જાડુ વાતો કરી. તે વખતે બીજા અત્રેના બે ચાર શ્રાવકો બેઠેલા હતા, તેમાંથી એક ભાઇ જેમનું નામ મનસુખભાઇ જેરાજ છે તેઓએ કહ્યું કે "અમો દીક્ષાની વિરૂદ્ધ નથી. તેમ દીક્ષા પ્રત્યે વિરોધ નથી. પણ શાંતીપૂર્વક જે કાર્ય થાય તેમાંજ ધર્મની ને શાસનની શોભા છે. ત્યારે તે ભાઇ ? (અમદાવાદી શાસનપ્રેમી ?) એકદમ તાડુકી ઉઠયા, અને બોલવા લાગ્યા કે—આમ શાંતી શાંતી કરીને સત્યાનાશ કાઢી નાખ્યું. અને જોરથી બોલતા બોલતા મનસુખભાઇના માથા ઉપરથી એકદમ પાઘડી લઇ પોતાના પગ નીચે પાઘડી દબાવી રાખીને કહેવા લાગ્યા કે રાખો હવે શાંતી ? આ વખતે મનસુખભાઇ શાંત રહી કંઇ બોલ્યા નહિ અને તે શાસનપ્રેમીની મર્કટ ચેષ્ટાને ગળી ગયા.

જે ભાઇ તરફથી ઓળી માટે આમંત્રણ અપાએલ છે. તેમણે અમદાવાદ સોસાયટીને કહેણ મોકલેલું કે—"અમારા ગામમાં અમારી નાતમાં બે પક્ષ હોવાથી કાર્યમાં જરા મુશ્કેલી જેવું છે. જો તમો દેશવીરતી સમાજને કોઇ અન્યસ્થળે ભરો તો તેનું સર્વ ખર્ચ અમો આપીશું અને ઓળી પર્વ સુખ શાંતી રૂપ અમો અત્રે ઉજવીશું." પણ સોસાયટીએ કહેવરાવ્યું કે "તેમ કરવાથી તમારો અને અમારો નાક જાય, માટે ગમે તેમ કરી સંમેલન વઢવાણમાંજ ભરો." આમ હકિકત જાણવાની વાત સંભળાય છે ?

આમ સોસાયટીનો હઠવાદ થવાથી શેઠજીને બધી વ્યવસ્થા કરવાની રહી. તેથી તેઓએ શ્રી સંઘને બોલાવી મદદ માગી છે. વાસણો અને ઉતારા માટે જેમ બીજાઓને શ્રી સંઘ મદદ આપે છે તેમ આ ધર્મ પ્રવૃત્તિના કાર્ય માટે મદદ આપવા શ્રી સંઘ કબુલ થએલ છે એમ સાંભળ્યું છે. પણ દેશવીરતી સમાજને નામે સોસાયટીનું સંમેલન ભરાવાનું છે તેમાં અત્રેનો સંઘ રાજી નથી; એટલે તે ભાઇ પોતાના તરફથી ભોજન કમીટી, ગરમ પાણીની કમીટી, ઉતારા કમીટી વીગેરે વ્યવસ્થા પોતાના સગા વહાલા અને અંગત સંબંધીઓની મદદથી કરી લે છે. તેમાં અત્રેના શ્રી સંઘને લેવાદેવા નથી, એમ સાંભળ્યું છે.

વઢવાણના શ્રી સ્થાનકવાસી જૈન સંઘને આ ભાઇએ એકત્ર કરી તેમની પાસે વાસણ ઉતારા વિગેરેની મદદ માગી છે અને અત્રેના શ્રી સ્થાનકવાસી જૈન સંઘે બનતી મદદ આપવા મરજી જણાવી છે. આમ મદદો મંગાય છે અને અમદાવાદથી દલાલો આવે છે અને જાય છે.

લી॰ શ્રી. અર્હનસેવક.

## જૈનોની જાહેર સભા.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ, જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆ, મુંબઇ જૈન સ્વયંસેવક, મુંબઇ જૈન યુવક સંઘ, જામનગર ઓસવાળ યુવક મંડળ અને શ્રી આદિશ્વરજીના મંદિરના ટ્રસ્ટીઓના સંયુક્ત આશ્રય નીચે પંડીત મોતીલાલ નહેરૂના મૃત્યુ માટે ખેદ દર્શાવવા તા॰ ૯-૨-૩૧ ના દીને આદિશ્વરની ધર્મશાળામાં મળી હતી તે તે વખતે જુદા જુદા વકતાઓએ વિવેચન કર્યા બાદ પંડીત મોતીલાલજીના મૃત્યુને માટે ખેદ દર્શાવનારો ઠરાવ મૌનપણે શાંતિથી પાસ કર્યો હતો. પ્રમુખસ્થાન નગીનદાસ ટી માસ્તરને આપવામાં આવ્યું હતું.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# ટ્રસ્ટીઓનો દોર.

આપણા જૈન મંદિરો એ વ્યક્તિગત મીલકત નથી પરંતુ સકળ સંઘની મીલકત છે અને ન્હાના અને મ્હોટા દરેક સમજે છે. એટલુંજ નહિ પણ દહેરાસરનો વહીવટ કરવા શ્રી સંઘ એકઠો થઇ ટ્રસ્ટીઓની નીમણુંક કરે છે, એ નીમાયેલા-વહીવટકર્તા ટ્રસ્ટીઓ પણ સમજે છે કે અમે જે મંદિરોનો વહીવટ કરીયે છીયે તે અમારા બાપુકી મીલકત નથી પણ શ્રી સંઘની મીલકત છે, અમે તો શ્રી સંઘના સેવક તરીકે ઓનરરી કામ કરનારા છીએ. છતાં કહેવત છે કે ' ઓછુ પાતરને અદકું ભણ્યો ને વહુકણી વહુએ દીકરો જણ્યો.' તેમ કોઇ ટ્રસ્ટી સત્તા ઉપર આવતાં સત્તાના મદમાં એવા તો ચકચુર બને છે કે જેઓએ તેમને નીમ્યા છે તેઓ કોઇ સુચના કરે અગર શ્રીમતિ કોન્ફરન્સ હેવી કે કોઇ પણ બીજી જૈન સંસ્થા અમુક સંજોગોને અનુસરી શ્રી સંઘના હિતાહિતનો વિચાર કરી અમુક સુચનાઓ કરે ત્યારે અમુક ટ્રસ્ટીબાવાઓના નાકનાં ટેરવાં ઉંચા થઇ જાય અને તે લોકો જે જવાબ આપે છે તે જવાબ વાંચતાં તેમની એકહથ્થુ સત્તા, અજ્ઞાનતા અને મદતા દેખાઇ આવે. અમોને મળેલા એક કાગળમાંથી નીચેના વાકયો તેના પુરાવા રૂપ છે.

" જવાબ લખવાની જરૂર બીલકુલ વધારેવામાં આવતી નથી. તે બાબતને અંગે કોર્ટોના ફરમાનને જની શકતી સગવડપુર્વક માન આપવા અમો બંધાએલા છીએ માટે આ બાબતમાં આપે વચ્ચે માથું મારવું એ ચાલતી મહાન લડતને ધકો પહોંચાડનારૂં છે. માટે શું કરવું તેનો વીચાર અમારેજ કરવાનો છે માટે આ બાબતમાં અમો કોઇ પણ રીતનો તમોને ખુલાસો આપવા વા તમારા કહેવા પ્રમાણે કરવા બંધાયેલા નથી. પત્ર વહેવાર બંધ કરશો."

આવા બીજા કીસ્સા અમારી પાસે મોજુદ છે. પ્રસંગ આવતાં જનતા આગળ મુકશું. તેમ સમાજના જે જે ભાઇઓને કે સંસ્થાઓને, ટ્રસ્ટીઓના દોરનો અનુભવ થયો હોય તે પુરાવા અમારા ઉપર મોકલશે તો અમો પ્રસિદ્ધ કરશું. અથવા જાહેર કરશે તો તેમાંથી સમાજને ઘણો લાભ થશે.

### જૈનોની જાહેર સભાએ પંડિત મોતીલાલ નહેરૂ માટે પસાર કરેલો ઠરાવ.

રાષ્ટ્રના મહાન્ નેતા અસાધારણ ત્યાગ કરનાર, દેશ-સેવા ખાતર અનેક અગવડો સહન કરનાર, કારાવાસમાં વૃદ્ધ ઉંમરે જઇ અનેક કષ્ટો સહન કરનાર તેમજ સાધારણ કુનેહ, બાહોશ અને બુદ્ધિચાતુર્યથી મહાન સેનાધિપતિ તરીકે હિંદ મૈયાની સેવા કરનાર પંડિત મોતીલાલ નહેરૂના હિંદની અત્યારની કટોકટીના અવસરે થએલા અવસાનના સમાચાર સાંભળી સમસ્ત હિંદ સાથે જૈન કોમને પણ ભારે દુઃખની લાગણી થઇ છે. પંડિતજીનો ત્યાગ અદ્વિતીય હોઇ પ્રશંસાને પાત્ર છે. અને તેઓની ધારાસભાની લડત યાદગાર હોવા સાથે તે સભાનો ત્યાગ પણ એટલોજ અર્થસુચક છે. એમનું અવસાન થતાં દેશને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેની નોંધ આજની આ સભા અત્યંત ખેદ સાથે લે છે અને તેમના આત્માને શાંતિ ઇચ્છે છે.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘની જનરલ મીટીંગ.

શ્રી મુંબાઇ જૈન યુવક સંઘની જનરલ મીટીંગ તા૦ ૧૪-૨-૩૧ ના રોજ રાત્રે ૮ (સ્ટા. ટા.) વાગે શ્રી જૈન યુવક સંઘની ઓફીસમાં ભાઇ ઉમેદચંદ દોલતચંદ બી. એ.ના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં નીચે પ્રમાણે કામકાજ થયું હતું.

(૧) ઓડીટ થએલો હિસાબ વંચાયા બાદ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

(૨) કાર્યવાહક સમિતિમાં નીચેના સભ્યોને ચુંટાયલા જાહેર કરવામાં આવ્યાં હતાં.

(૧) ભાઇ ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ.
,, ભીખાભાઇ સુંદરદાસ કોઠારી.
,, ચંદુલાલ ટી. શાહ.
,, મહાસુખલાલ હરગોવન દોશી.
,, હીરાલાલ લલ્લુભાઇ.
,, અમીચંદ ખીમચંદ શાહ.
,, ગીરધરલાલ બાપુલાલ
,, લક્ષ્મીચંદ મંછુભાઇ.
,, મનસુખલાલ હીરાલાલ લાલન.
,, નગીનદાસ જગજીવનદાસ.
,, ફકલભાઇ સુંદરભાઇ વકીલ.
,, મણીલાલ મોકમચંદ શાહ.
,, ચીમનલાલ મોતીલાલ પરીખ.
,, વાડીલાલ આશાલાલ શાહ.
,, વીરચંદ પાનાચંદ શાહ.
,, વલ્લભદાસ ફુલચંદ શાહ.
,, જમનાદાસ અમરચંદ ગાંધી.
,, રતીલાલ ચીમનલાલ કોઠારી.
,, ઠાકોરદાસ પી. શાહ.
,, પરમાનંદદાસ કુંવરજી કાપડીઆ.

(૨) સેક્રેટરીઓ તરીકે નીચેના ચાર ભાઇઓની ચુંટણી કરવામાં આવી હતી.

ભાઇ જમનાદાસ અમરચંદ ગાંધી.
,, અમીચંદ ખીમચંદ શાહ.
,, રતીલાલ ચીમનલાલ કોઠારી.
,, મણીલાલ મોકમચંદ શાહ.

ઓડીટરો તરીકે નીચેના બે બંધુઓને ચુંટી કહાડવામાં આવ્યાં હતાં.

ભાઇ કાન્તીલાલ ઇશ્વરલાલ મોરખીઆ.
,, શીવલાલ નરપતલાલ મણીઆર.

---

ગત વરસના કાર્યનો રીપોર્ટ હવે પછીની જનરલ મીટીંગમાં રજુ કરવાનું મંત્રીઓને સુચવવામાં આવ્યું હતું. કેટલાક સામાન્ય વિવેચન થયા પછી પ્રમુખશ્રીનો આભાર માની મીટીંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

# જૈન સાહિત્ય પ્રદર્શન ને મારી મુલાકાત.

જૈન સાહિત્ય પ્રદર્શન અંગે જાહેર છાપાઓમાં આવેલા લેખો અને જાહેરાતો ઉપરથી પ્રદર્શન જોવાની ઇચ્છા તો થયેલી તે અરસામાં અચાનક વડોદરે જવાનું થવાથી પાછા ફરતાં પ્રદર્શન જોવા અમદાવાદ ઉતર્યો, જેવો ગાડી પ્લેટફોર્મ ઉપર આવી કે નાટક, સીનેમાની જાહેરાત પેઠે જાહેર ખબરના હેન્ડબીલો ડબ્બાઓમાં ફેંકવામાં આવ્યાં. તે વાંચતાં જેવો સ્ટેશનથી આગળ વધ્યો કે ઠેર ઠેર મોટા પોસ્ટરો જાહેરાત માટે લગાડેલાં નજરે પડતાં હતાં. આ ઉપરથી એમ તો કહેવું પડશે કે જાહેરાત માટે સારી મહેનત લેવાઇ છે. પણ પ્રદર્શન અંગે કેવી મહેનત લેવાઇ છે તે જોવા પછીની વાત, આવા વિચાર કરતો ઉતારે પહોંચ્યો અને બીજે દિવસે સવારે તૈયાર થઇ ભગુભાઇના વંડે પહોંચ્યો અને એક આનાની ટીકીટ લેઇ પ્રદર્શનમાં દાખલ થયો. ત્યારે ગીરદી જેવું નહિ હોવાથી સારી રીતે જોઇ શકાશે એ વિચારે આગળ વધ્યો.

શરૂઆતના વિભાગમાં દાખલ થતાંજ પેલી પ્રખ્યાત જૈન સોસાયટીનું પાટીયું નજરે પડ્યું, ને પૂછપરછ કરતાં જણાયું કે આ બધી મહેનત તે સોસાયટીનીજ છે. પ્રથમ વિભાગની ભીંતો ઉપર નાની મોટી છબીઓ નજરે પડી ત્યાં મારા મનમાં વિચાર થયો કે જૈન સમાજના સાક્ષરો કે સાહિત્યકારોના અથવા તો જૈન સાહિત્ય પાછળ ધનનો ભોગ આપનાર નરોના ફોટા હશે. પણ જેવો આગળ વધ્યો અને ઓરડાવળીના લખેલ લખાણ વાંચતો ગયો ત્યારે સમજાયું કે આ તો સોસાયટી અને દેશવીરતી સમાજના પ્રમુખો અથવા તે સંસ્થાઓને પોષનારાઓ તરીકે ગોઠવ્યા હશે! નહિ તો સાહિત્ય પ્રદર્શનમાં આ ફોટાઓને શું સ્થાન હોય! પછી અયોગ્ય દિક્ષા સામે વિરોધ કરનાર જનતાને ભોળવવા કે બાળ-દિક્ષાની જાહેરાત ખાતર માબાપો અને વડીલોની અવગણના કરીને દિક્ષા લેનારાઓનું એક ચિત્ર ચીતરાવી ગોઠવ્યું હતું. તેમ સાધુઓની નિંદા કરનારાઓ માટે હાથ કાપવાનું દૃશ્ય વસ્તુપાળ ચરિત્રમાંથી લઇ તેને ચિતરાવી ગોઠવેલું.

હાથ કાપવાનું દૃશ્ય રખે કોઇ જોયા વિના રહી જાય તેથી તેને વિજળીની બત્તીઓથી ખુબ પ્રકાશીત કરેલું. સાથે એક માણસને ઉભો રાખેલો ને તે સમજાવતો કે 'સાધુઓની નિંદા કરનારના આવી રીતે હાથ કપાય છે,' આ ચિત્ર જોવામાં મન પરોવાતું ગયું તેવોજ વિચાર આવ્યો કે વસ્તુપાળના ચરિત્રમાંથી તો વિરતા, ધિરતા, સમાનતા, ધાર્મિકતા, મુત્સદ્દીગીરી, ઉદારતા, વિગેરે ગુણોથી તેઓએ હજારો જૈનમંદિરો, જૈનેતરમંદિરો, ધર્મશાળાઓ, દાનશાળાઓ, જ્ઞાનભંડારો, વાવો, તળાવો, કુવાઓ, ભક્ષશાળાઓ, સેંકડો વિદ્યાપીઠો અને હજારો પાઠશાળાઓ પાછળ કરોડો રૂપીઆ ખર્ચી જગતનું અને તેમનું કલ્યાણ સાધેલું તેમાંથી સાહિત્ય પ્રદર્શનને બંધબેસતાં ઘણાં દૃશ્યો જેવાં કે જ્ઞાનભંડારો, વિદ્યાપીઠો કે પાઠશાળાઓમાંના દૃશ્યોના બદલે હાથ કાપવાનું (સાધુએ રાજા વીરધવલના મામા સિંહ ઉપર જાણે કે અજાણે કચરો નાખવાથી સિંહ ઉશ્કેરાઇ મુનિરાજને મારી ચાલ્યો જાય છે, આની વસ્તુપાળને ખબર પડતાં વીર મનુષ્ય મારફતે સિંહ (રાજાના મામા)નો કરચ્છેદ કરાવવામાં આવે છે, આથી વાત વિપરીત થાય છે, રાજા મંત્રી વચ્ચે હથિયાર ખણખણવાના પ્રસંગ આવી ચડે છે. છેવટે રાજગુરૂ વચ્ચે પડી સંધી કરાવે છે ને સુલેહ થાય છે) દૃશ્ય ગોઠવી સાધુની નિંદા કરનારને ચેતવણી આપનાર લાગ્યું. તેવોજ વિચાર આવ્યો કે જેઓ ચારિત્રના ખપી છે, જેનામાં સાચી સાધુતા છે, જેઓના અંતરમાં પ્રભુના શાસન માટે ઉંડી દાઝ છે, તેમની તો નિંદા હોયજ શાની! તેમના તો ચરણમાં મસ્તક ઝુકે છે. ત્યારે જેઓને પંચમહાવ્રતની પરવા નથી, જેની જીભપર સંયમ નથી, જે પ્રભુના લાખો સંતાનોને ગધેડાના ભીકરાં તરીકે સંબોધે છે, જે પુરૂષોને ભીકરા થવાની આગાહી કરે છે, જે બાઇબેહેનોનાં માથાં ફોડવાનો ઉપદેશ કરી હિંસાને પોષે છે, જે દંભ, અસત્ય અને કાવાદાવાનાજ ધંધા કરી રહ્યા છે, જે સમાજની હસ્તી નાબુદ કરવાના અંગારા વેરી રહ્યા છે, જેઓ હજારોના ફંડ રખાવતા હોય આવા સમાજના રોટલે તગડા થનાર ચારિત્રહિનોના રક્ષણ માટે તો આ દૃશ્ય નજ હોય. તેવાઓ પાસેથી તો પ્રભુનો વેશ ખુંચવી લઇ કાનપટ્ટી પકડી અપાસરા બહાર ધકેલી મુકવા જોઇએ. તો પછી આ દૃશ્ય ગોઠવવાનો હેતુ શો હશે? શું! વૈર વિરોધને પોષવા તો નહિ તૈયાર કર્યું હોય? રખે કોઇ અક્કલનો ઓથમીર આવેશમાં આવી જઇ કોઇના હાથ, પગ કાપવા જવાની મુંડાઆણી કરે તો વગર ભાડાની ઓરડીના સળીયા પાછળ પુરાઇ જવું પડે પણ ખરૂં! આવા વિચારમાં ને વિચારમાં તેવા નકામા ચિત્રમાં મન ન પરોવતાં આગળ વધ્યો. ત્યાં જૈન યુવાનની દીક્ષાભાવનાનું ચિત્ર, ચૈત્ય અને પ્રભુપર સદાના દેખાવો, જેમ પેલા કાંડા કાપવાના ચિત્રને સમજાવનાર ભાઇ ઉભેલા તેવી રીતે અત્રે કોઇ સમજાવવા ઉભું નહોતું પણ પાઇ પૈસો મુકવાની બુમ મારનાર ઉભા હતા. ત્યાંથી આગળ વધ્યો ત્યાં પુસ્તક મુકવાનાં જુદી જુદી કોતરણી અને કારીગરીવાળાં સાધનો મુકવાના નમુનાઓ કાગળ ઉપર હસ્તથી લખાયેલાં પુસ્તકો તેમજ દેવ દેવીઓના ચિત્રો જોતાં પ્રભુ મહાવીરના ચિત્ર પાસે આવીને ઉભો રહ્યો, જે ચિત્રમાં પ્રભુના કાનમાં ગોવાળીયા ખીલા મારે છે અને કાનમાંથી લોહી નહિ વહેતાં દુધની ધારાઓ વહે છે. એ દેખાડવા ધોળા રંગની ધારાઓ ચીતરી હતી, તેમ ચિત્ર સમજાવનાર કહેતા 'લોહી નહિ વહેતાં દુધની ધારા વહે છે, હાલના કાળમાં આવો ચમત્કાર જોવો હોય તો તૈયાર છે. આચાર્ય લબ્ધિસૂરીના એક શિષ્યના માથામાંથી ચોખા નીકળે છે, દીક્ષા પહેલાં તેના માથામાંથી ફુલ ઝરતાં હતાં,' આ સાંભળી આ કળીયુગની અંદર નવાઇ જોવાની ઇચ્છા થઇ, તેથી આપણે તો પુછ્યું, ભાઇ ને શિષ્યને ક્યાં ગોઠવ્યા છે? 'તેઓ અહિં નથી, પણ આચાર્ય પાસે ઉપાશ્રયે જઇને જોઇ આવો.' સાથે પાઇ પૈસો મુકવાની પણ ભલામણ થતી તેમ આગમના પુસ્તકોની પૂજા કરાવવા વાસક્ષેપ અને પાનાની ગોઠવણ કરેલી ત્યાં પણ એક ભાઇ પૂજાની ભલામણ કરતા અને કહેતા કે 'આ પૈસા સાધારણ ખાતે જવાના છે.' આ સાંભળીને વિચાર થયો કે બોલનાર ભૂલ કરતા હશે, એટલે બીજીવાર પુછ્યું, ત્યારે પણ એજ જવાબ મળ્યો, એટલે પાકી ખાત્રી થઇ. સાચો જે તેમના ગુરૂઓએ આ ગોઠવણ કરાવી છે, તે આવો

સુધારો કરાવે છે તે નથી નવાઇ ! શું ! જમાનો ઓળખ્યો ? કંઇ નહિ, ચાલો, એમ વિચારમાં જેવાં પગલાં ઉપાડું ત્યાં પેલા ભાઇ પૂજાની ને ચોખાની કથા બીજાને સમજાવતા સાંભળી વિચાર આવ્યો કે પ્રભુને ખીલા ઠોકવાના મહા ઉપસર્ગનો ટુંકો પ્રતિહાસ સમજાવવામાં વખત લીધો હોત તો જોનાર ઉપર ઘણીજ ઉંડી અસર થાત, પણ તેના બદલે લબ્ધિવિજયના શિષ્યના પૂજા ને ચોખાની જાહેરાતમાં વખત ગુમાવતાં લોકો હસતા ને આગળ વધતા તેમ હું પણ આગળ વધ્યો.

પ્રભુ મહાવીરના નિર્વાણ પછી લગભગ નવસો વર્ષે પુસ્તકારૂઢ કરનાર આચાર્યદેવશ્રી દેવર્ધિક્ષમાશ્રમણ વચમાં બીરાજેલા. આજુબાજુ ૫-૬ મુનિરાજો અને લહીઆનાં બાવલાં બનાવી ગોઠવણ ઠીક કરી છે પરંતુ તેની આજુ-બાજુનું વાતાવરણ તેજ જમાનાનું હોત તો વધારે શોભત. પરંતુ તેવી ગોઠવણ નહિ કરતાં વીસમી સદીનું વાતાવરણ ઉભું કરેલું. દાખલા તરીકે આચાર્યશ્રીની આજુબાજુની દીવાલોના ચિત્રમાં સુંદર કબાટો અને બાઇન્ડીંગવાળા પુસ્તકો. આવા વિરોધાભાસથી ચિત્રમાં વિચિત્રતા લાગતી, એટલે સમજુઓ ભુલ કહાડતા અને બેઠેલા ભાઇને પુછપરછ કરતાં. આગળ વધતાં શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય એક બાજુ પોતાનાં શિષ્યોને પાઠ આપે છે. બીજી બાજુ લહીઆઓ પુસ્તકો લખવામાં રોકાયેલા છે. આ દ્રશ્ય હાલનાં મુનિરાજોમાં જેઓ પોતાના શિષ્યોને ભણાવવા માટે જૈનેતર પંડીતો રાખી હજારો રૂપીઆ ખરચાવે છે તેઓઓને બોધ લેવા સરીખું છે.

અહિંથી આગળ વધતાં સાહિત્યનાં-જ્ઞાનનાં દર્શન થાય છે. તેમાં ઘણા પ્રાચિન પુસ્તકો એકઠાં કરી ઉત્તમ રીતે ગોઠવ્યાં છે. ત્યાં આગળ વધ્યા કે શ્રી આગમનાં એટલે જૈન શાસ્ત્રનાં દર્શન થાય છે. આ વિભાગને ઘણોજ સુંદર રીતે શણગારવામાં આવ્યો છે. એટલે સોના ચાંદીના કસબથી ભરેલા ભભકાદાર નવા પુંઠીયા ચંદરવા, સોના ચાંદીના રમકડાં અને વીજળીની રોશની ગોઠવણ વિગેરેથી આ વિભાગ ઘણોજ સુંદર શણગારેલો જણાય. તેમ પુસ્તકો નીચે મોટા બોર્ડ ઉપર આગમનું નામ, કેટલી ગાથા, કોની ટીકા, વિગેરે ઉપયોગી માહિતી લખી હતી. જ્યાં દુર ઉભા રહીને નોંધી લેવાની મનાઇ હતી. વધારે પુછપરછ કરતાં કહેલો હુકમ નીકળતો કે કમીટીનો હુકમ નથી. સાંજ સાંભળ્યું કે રા. મહાસુખભાઇને પણ અટકાવેલા. અરે ! શ્રી વિજયનેમીસૂરીશ્વરજીને પાનાં જોવા માગતાં નહિ આપેલાં, સાંજ આપશે તો પેનસીલ કાગળ થેલીમાં મુકવાં ને વિચાર થયો કે શાથી આવો ઓરડીનન્સ પાસ કર્યો હશે ?

આ સિવાય પ્રદર્શનમાં રા. માણેકલાલભાઇએ સંઘમાં લઇ જવા બનાવેલું ચાંદીનું દહેરાસર, ઇન્દ્રધ્વજવાળી ચંદીની ગાડી પણ શોભામાં વૃદ્ધિ કરતાં હતાં; પણ નવાઇ જેવું તો એ લાગ્યું કે માણેકલાલભાઇના પુત્ર રાજેન્દ્રકુમારને સગાં સ્નેહિઓ તરફથી ભેટ તરીકે સોના ચાંદીના મળેલ રમકડાંને પ્રદર્શનમાં ગોઠવવાનો શો હેતુ હશે ? સોના ચાંદીના રમકડાં પ્રદર્શનની શોભા માટે મુકવાં હશે કે જાહેરાત માટે મુકવાં હશે ?

આ પ્રમાણે પ્રદર્શન નિહાળતો, વિચારતો બહાર નીકળું છું ત્યાં સાંભળ્યું કે 'જે હેતુ માટે આટલી મહેનત કરી હતી તેમાંનો એક બર આવશે. પણ એક ન આવ્યો. આનો વિચાર કરતાં સમજાયું કે, સોસાયટીની જાહેરાતનો હેતુ થોડે ઘણે અંશે બર આવ્યો મનાય. પણ પૂરેપૂરો બર ક્યારે આવે ? આશાતના થવા જેવી વસ્તુઓ રહેવા દઇ પેલો સોસાયટી વિભાગ વિ. ગોઠવી રેલ્વે કે મોટર લોરીઓ મારફત ગામડે ગામડે અને શહેરે શહેર ફરતું પ્રદર્શન રાખવામાં આવે તો સારી જાહેરાત થાય. બીજો હેતુ સાધુ સમ્મેલનના બાના નીચે આચાર્ય વિજયવલ્લભસૂરિને દુર કરવાનો હતો તે આચાર્ય વિજયનેમીસૂરિશ્વરજી અને આચાર્ય વિજયનિતિસૂરિશ્વરજીએ ન્યાયના રસ્તે રહી ચોખ્ખી વાત કરી એટલે સમ્મેલન થયું નહિ અને જે હેતુ સાધવો હતો તે ન સંધાણો. આ બે હેતુ લાગ્યા. બાકી દુર દુરથી પ્રાચીન સાહિત્ય મંગાવી જનતાને દર્શનનો લાભ આપવાનું જે કાર્ય કર્યું છે તે પ્રશંસનિય છે. બાકીનો ઘણો ભાગ કંટાળો આપનારો અને અમુક હેતુ-થીજ ગોઠવેલો લાગવાથી નકામો હતો હું પ્રદર્શનમાંથી કંઇ પણ સંતોષ લઇને બહાર નીકળ્યો. હોઉં તો ફક્ત પ્રાચિન સાહિત્ય, આગમ વિ. નાં દર્શનનો લાભ.

રમેશ એમ. મહેતા.

---

# વીસમી સદીનો જૈન ખેડુત :

લેખક : શાંતિલાલ ભીખાભાઇ.

( દરેક જૈન પત્રોને છાપવા માટે છુટ છે. )

પાત્રો :—

જૈન ખેડુત—(પંચમેન્સ જૈન સોસાયટીનો પછીથી બનેલો સભ્ય.)

તેની સ્ત્રી—તેનો દાદો—તેની દાદી—છોકરા—છોકરીઓ પાડોશી.

જૈન સોસાયટીના મુખ્ય ચાર વડીલો:—

( સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકા. )

સેતાનમુખી ઉર્ફે નરકનો પરમાધામી તેનો મંત્રી.

ભપકાદાર સેતાન—બટુક.

બીજો સેતાન—બટુક.

ત્રીજો, ચોથો અને પાંચમો સેતાન—બટુક.

પહેરેગીરો અને દ્વારપાળો.

## અંક પહેલો.

જૈન ખેડુત—(બેઠે છે—આકાશ સામું જોઇ) બપોર થયા. હળ છોડવાનો વખત થયો. ચાલ, આગળ ચાલ, થાકી ગયો ? ગરીબ બિચારૂં પ્રાણી ! એક વધારે ફેરો અને ફરી પાછો આવ એટલે છેલ્લો ચાસ પુરો થશે. પછી જમવાનું. રોટલો સાથે લઇને આવ્યો એ ઠીક કર્યું. હું ઘેર જવાનો નથી; પણ કુવા પાસે બેસીને રોટલાને ન્યાય આપી જરા આરામ લઇશ, અને બળદ એટલામાં આમતેમ ચરશે. પછી નસીબની મહેરબાનીથી ફરી કામ ઉપર અને વખતસર ખેડ પુરી થશે.

(એક બટુક—સેતાન પ્રવેશ કરે છે અને એક ઝાડની પાછળ સંતાઇ જાય છે).

બટુક સેતાન—જુઓ કેવો સારો માણસ છે, પરમાત્માનુંજ નામ લીધા કરે છે. નસીબની મહેરબાની ઉપરજ પુરૂષાર્થ કરનાર છે. થોડા વખતમાં સેતાનનું નામ લેવડાવતો કરૂં તોજ

મરો છું? રોટલો હું લઇ લઉં છું! ભુખ્યો જરૂરાજરૂર મને યાદ કરશે.

(રોટલો લઇ લે છે. ઝાડ પછાડી સંતાય છે. ખેડુત શું કરે છે તે તપાસ્યા કરે છે).

ખેડુત-(બળદને છોડી નાંખે છે) પરવાળીએ રોટલો તો મોટો ખાવા લાયક કરી આપ્યો છે. આખો ખાતાં ઘણી મજાહ પડશે. રોટલો ખાવા માટે ચાલ કપડામાં વીંટેલો છે તેને ખોલું. કપડામાં ઢાંકેલો રોટલો દેખાતો કેમ નથી? શું થઇ ગયું?

બટુક શૈતાન-(ઝાડ પાછળથી મનમાં) હવે બોલો બચ્ચા બોલો.

ખેડુત-રોટલો દેખાતો નથી, એ ઘણી અજાયબીની વાત છે. પક્ષીઓએ લીધો હોય તો જરૂર ટુકડા પણ દેખાય? અહીંયાં ટુકડા નથી માટે જરૂર કોઇ લઇ ગયું હોય એમ દીસે છે.

બટુક સેતાન-(ડાહીનું કરે છે) હવે જરૂર એ સેતાનને ગાળો ભાંડશે.

ખેડુત-ફિકર નહીં. એથી કાંઇ હું ભુખે મરી જવાનો નથી. જે કોઇએ લીધો હોય કે ખાધો હોય તો ખાનારનું ભલું થજો.

બટુક સેતાન-(ગુંચે છે.) કમબખત, ગાળો ભાંડવાને બદલે ખાનારનું ભલું થાય. હવે કરવું કેમ?

બટુક સેતાન-(ઝાડીમાંથી બહાર આવે છે.) મુખીને હું પરમાધામીને જવાબ શું આપીશ તે સમજણ પડતી નથી. મુખી કહે છે તું નરકમાં પુરતા જૈન ખેડુતોને લાવતો નથી. જોને, હરરોજ કેટલા બધા વહેપારીઓ, અમીર લોકો, સંખ્યાબંધ આવે છે અને જૈન ખેડુતોની સંખ્યાજ ઓછી આવે છે તેથી જૈન ખેડુતોને ફસાવવા કેવી રીતે? એને પકડવાની કોઇ પણ રીત નથી. મેં એનો છેવટનો રોટલો ચોર્યો છતાં સેતાનને ગાળો ન દીધી. શું કરવું એ મને સમજણ પડતી નથી. ઠીક મારે જઇને નિવેદન તો મુખીને જરૂર કરવું જોઇએ.

(અદ્રશ્ય થાય છે.)

(અંક પહેલો પુરો.)

## અંક બીજો.

સેતાનનો મુખી ઉર્ફે પરમાધામી-(ઉંચે આસને બેઠેલો છે.) કંટાળી ગયો છું. ઘણા કામ બાકી છે કોના નિવેદનો આવ્યાં, બાકી કોના છે?

મંત્રી-(આંગળીના વેઢા ગણે છે.)

અમીરી લોકોમાં નિમેલા સેતાનનું નિવેદન આવી ગયું છે. વહેપારીઓના સેતાન તરફથી, અમલદારોના સેતાન તરફથી પણ નિવેદન મળી ગયું છે. ફકત બે સેતાનો રહી ગયા છે. વકીલોનો અને જૈન ખેડુતોનો.

મુખ્ય સેતાન-વાહ આજેજ આપણે બધું કામ ખલાસ કરી દઇએ. (દરવાનને) એ લોકોને દાખલ કરો.

વકીલોનો સેતાન પ્રવેશ કરે છે અને મુખીને સલામ ભરે છે.

મુખ્ય સેતાન-વારૂં, તમારૂં કામ કેમ ચાલ્યું?

વકીલોનો બટુક સેતાન- બરોબર કામ મારાં છે,
મસી સરખાં એ ધોળાં છે.

મેં મારી કારકિર્દીમાં હજુ સુધી હમણાં પકડયા તેટલી સંખ્યા કોઇ પણ દીવસ પકડી નહોતી.

મુખ્ય સેતાન-શું? તેં એટલા બધા પકડયા છે?

વકીલોનો બટુક સેતાન-એ એટલા બધા અકુલાતુન માણસો છે કે સેતાનોને પણ શરમાવી દે. જો કે મેં પકડેલી સંખ્યા એટલી બધી વધારે નથી પણ તે લોકો કોઇથી ફસાય નહી તેટલા માટે હું મારી સંખ્યાનો આંકડો વધારે ગણી શકું.

મુખ્ય સેતાન-વારૂ, પછી હું એમને જોઇશ. તું હમણાં જા. (વકીલોનો સેતાન જાય છે.)

મુખ્ય સેતાન-(દરવાનને) બીજાને દાખલ કરો. (ખેડુ-તોનો બટુક-સેતાન પ્રવેશ કરે છે. તેના હાથમાં રોટલો છે. છેક જમીન સુધી વાંકો વળીને સલામ મુખીને કરે છે.)

ખેડુતનો સેતાન-આ રીતે હું લાંબો વખત રહી શકીશ નહી. મને બીજું કામ સોંપો.

મુખ્ય સેતાન-બીજું શું કામ? શેનો બડબડાટ કરે છે? ઉભો થા, અને કાંઇક સમજાય તેમ બોલ. તારૂં નિવેદન લાવ. ચાલુ સદીમાં તેં કેટલા જૈન ખેડુતોને પકડયા?

ખેડુતોનો સેતાન-(રડતો) એક પણ નહી.

મુખ્ય સેતાન-શું? એક પણ નહી? કયાં રખડતો હતો?

ખેડુતોનો સેતાન-(ગણગણાટ કરતો) હું રખડતો નહોતો. ખેડુતનો રોટલો લીધો. ગાળો ભાંડવાને બદલે લેનારનું ને ખાનારનું ભલું થાય એમ બોલ્યો.

મુખ્ય સેતાન-ગડબડાટ શાનો કરે છે? નાક સાફ કર, અક્કલ ઠેકાણે રાખીને બોલ.

ખેડુતોનો સેતાન-સાંભળો, એક ખેડુત ખેડતો હતો. મને ખબર પડી કે તેની પાસે ફકત એકજ રોટલો છે. બીજું ખાવાનું નથી. મેં રોટલો ચોરી લીધો. નિયમ પ્રમાણે ચોરને ગાળો ભાંડવી જોઇએ તેને બદલે તેને મારૂં ભલું ઇચ્છયું. આ રહ્યો તે રોટલો.

મુખ્ય સેતાન-વારૂં, તેં વાત કરી એકજ જૈન ખેડુતની પણ બીજા જૈન ખેડુતોની હકીકત શી છે?

ખેડુતોનો સેતાન-એ બધા એક સરખા છે. એટલે તેમના ટોળામાંથી એક પણ આવી શકે તેમ નથી.

મુખ્ય સેતાન-પહેલાં તો તે મારી પાસે આવવાની નફટાઇ કરી તેજ તારો પહેલો દોષ, તેમજ ગંધાતો રોટલો લાવી મારી મશ્કરી કરી તે બીજો દોષ. તારે જહાનમમાં રહેવું છે અને બીજા બટુકોના પ્રમાણમાં નરકમાં જૈન ખેડુતોની સંખ્યા લાવવી નથી તો જરા ઉભો રહે, બચ્ચા, એક બે પાઠ તને બરોબર ભણાવું.

ખેડુતોનો સેતાન-આપ મને શિક્ષા કરો તે પહેલાં મારૂં જરા સાંભળો. વેપારીઓ, તેમજ બીજા અમીરો સાથે તો બીજા બટુકોને કામ લેવાનું છે, તે તો બધું સીધું છે. અમીરને મુગટ બતાવો કે જાગીર આપો તો તે તરતજ કબ-જામાં આવે એટલે તરતજ મરણમાં આવે ત્યાં લઇ જઇ શકાય. વેપારીને પૈસા બતાવો એટલે લોભનો માર્યો એ પણ ફસાય. જૈન ખેડુતોને ફસાવવા એ કાંઇ સહેલું કામ નથી. પરમાત્માને યાદ કરી, નસીબ ઉપર શ્રદ્ધા રાખી, પુરૂષાર્થ કરનાર સંતોષી જૈન ખેડુતોને કેવી રીતે ફસાવવા તેની સમ-જણ પડતી નથી. હું એમનાથી ખુબ કંટાળી ગયો છું; અને વધારામાં આપનો કોપ વ્હોરી લીધો?

મુખ્ય સેતાન-તું મને છેતરે છે. અલ્યા એદી! બીજા-ઓની વાત કરવાનો અર્થ શો છે? વહેપારી, અમીરોને કેવી રીતે પકડવા તે બીજા બટુકો સારી રીતે જાણે છે. તારે પણ

કાંઇ નવો માર્ગ શોધી કાઢવો જોઇએ. રોટલાની ચોરી કરી ખડાઇ કાંઇ ચતુરાઇ નહી બતાવી શકાય. જા, તે જૈન ખેડુતોની આજુબાજુ જઇને જળ પાથર. કાંઇ નવું શોધી કાઢ કારણ કે આજથી ૨૫૦૦) વર્ષ પૂર્વે થએલા ભગવાન્ મહાવીરે તેજ જૈન ખેડુતોના આગમોમાં કથિલું છે કે પાંચમા આરામાં સંખ્યાબંધ સાધુ-સાધ્વી-શ્રાવક તેમજ શ્રાવીકાઓ જરૂરાજરૂર આપણા પંજામાં ફસાસે માટે એેદી નહી બનતાં પુરૂષાર્થને ફોરવ અને તે ભગવાન્ મહાવીરની ભવીષ્ય વાણીને સફળ કરી બતાવ.

ખેડુતોનો સેતાન-મને સુજ પડતી નથી. મારાથી તે કામ નહીં થાય.

મુખ્ય સેતાન-(ગુસ્સે થાય છે.) તારા બદલે, શું હું કામ કરવા જવાનો હતો? તારા મનમાં તું સમજે છે શું?

ખેડુતોનો સેતાન-મારાથી નહીં થઇ શકે.

મુખ્ય સેતાન-નહિ થઇ શકે? જરા ઉભો રહે અરે ત્યાં કોણ છે? નેતર લાવ. એને બરાબર લગાવ.

પહેરેગીરો જૈન ખેડુતના સેતાનને પકડે છે અને તેને ફટકાવે છે.

ખેડુતોનો સેતાન-ઓ! ઓ! ઓ!

મુખ્ય સેતાન-કેમ, કાંઇ સુઝયું?

ખેડુતોનો સેતાન-મારાથી નહીં બની શકે.

મુખ્ય સેતાન-જરા એને વધારે ચખાડો. (પહેરેગીરો વધારે સોટીઓ મારે છે) કેમ કાંઇ સુઝયું?

ખેડુતોનો સેતાન-હા! હા! કાંક સુઝયું.

મુખ્ય સેતાન-વારૂ કહે, શું સુઝયું?

ખેડુતોનો સેતાન-મને એક યુક્તિ સુઝી છે કે જેથી તે બધાએ મારા પંજામાં આવી જશે; પણ આપે મને ખેડુતોના મજુર તરીકે રહેવાની છુટ આપવી પડશે. એ યુક્તિ શું છે તે હું આપને પહેલાથી કહી શકું તેમ નથી.

મુખ્ય સેતાન-વારૂ, પણ ધ્યાનમાં રાખજે કે જો પૈસા ટુકડો ખાવાનું પ્રાયશ્ચિત પાંચ વર્ષમાં નહી કરે તો હું તારી જીવતાં ચામડી ઉતરાવીશ.

ખેડુતનો સેતાન-મોટા પ્રમાણમાં પાંચ વર્ષની અંદર જરૂર તે લોકોને હું મારે વશ કરીશ.

મુખ્ય સેતાન-વારૂ, પાંચ વર્ષને અંતે હું જાતે આવીને જોઇશ (અંક બીજો પૂરો.)

# જૈન સંમેલન સમાચાર.

હાલમાં કેટલાક વખતથી જૈન સમાજમાં ધર્માંધોર તથા સ્વાર્થી વ્યક્તિઓ ઉત્પન્ન થવાથી બે પક્ષ પડી ગએલા છે અને તેથી જૈન સમાજને બહુજ સહન કરવું પડે છે. ઘણાઓનું માનવું એવું છે કે અમુક સાધુઓએજ પોતાના સ્વાર્થને પોષવા ખાતર જૈન સમાજમાં ક્લેશમય વાતાવરણ ફેલાવી દીધું છે. આ ક્લેશમય વાતાવરણને અટકાવવા માટે ઘણા સમજુ આગેવાનો પ્રયત્ન કરી રહ્યા છે પણ જૈનોના કમનસીબે તેઓ જરા પણ ફાવી શકતા નથી હાલમાં અમદાવાદમાં આચાર્ય ગણાતા સાગરાનંદસૂરી બિરાજે છે તેઓશ્રી સંમેલન કરવાના પ્રયત્નો કરી રહેલા છે. સમેલન કરનાર વ્યક્તિ હંમેશાં નિખાલસ, શુધ્ધ હૃદયનો કોઇના પ્રત્યે વેરભાવ નહિ ઇચ્છનારો તથા ક્ષમાવંત હોય છે તેજ સંમેલન કરી શકવાને લાયકાતવાળો થાય છે. સાગરાનંદસૂરી સંમેલનને બ્હાને પોતાના હરીફોને વધારે હંફાવવાનો આ જૈન સમાજમાં કુસંપનો સડો વધારવા માગતાજ હોય છે. જો તેમ ન હોય તો અમદાવાદમાં બિરાજતા આચાર્ય શ્રીમાન વિજયનેમી સુરીશ્વરજી મહારાજશ્રી જે વખતે ભગુભાઇના વંડે ૪૫) પીસ્તાલીસ આગમની પુંજામાં પધારેલ તે વખતે અગાઉથી આવેલ સાગરાનંદસુરીએ જૈન સમાજના ઉદ્ધારક તરીકેનો ખોટો આડંબર ધરાવી જરા પણ વિનય વિવેક નહિં સાચવતાં આચાર્ય શ્રીમાન વિજયનેમી સુરીશ્વરજીને બેસવા માટે તસભાર જમીન સુદ્ધાં આપી શક્યા. નહિં. જે માણસ સાચા દિલથી સમાજનું ભલું ચાહી સંમેલનની ઇચ્છા ધરાવતો હોય તે કદાપી આવાં અપમાન કરી વેરભાવ વધારશે નહિં. સાગરાનંદસુરી કહે છે કે એક બે આચાર્ય સીવાય સમભાવથી વર્તીએ છીએ, અને તેથી લગભગ સંમેલન થઇ ગયા જેવું છે. તેઓશ્રી, આચાર્ય શ્રીમાન વિજયલબ્ધિસુરીશ્વરજી મહારાજશ્રીએ અમદાવાદમાં જમનાદાસ ભગુભાઇના બંગલે ઉતરેલા તે વખતે પણ સાગરાનંદસુરી તેઓશ્રીનું અપમાન કરવાનું ચુકેલા નથી. આચાર્ય શ્રીમાન વિજયમેઘસુરીશ્વરજીને આચાર્ય શ્રીમાન વિજયલબ્ધિસુરીશ્વરજીની સાથે ઘણુ સારો સંબંધ હોવાથી શ્રીમાન વિજયમેઘસુરીશ્વરજીએ પોતાના શિષ્યોને મળવા માટે જમનાદાસના બંગલે જવાની આજ્ઞા કરી તે વખતે સાગરાનંદસુરીને આ અવસર ઠીક લાગતાં પોતાના શિષ્યોને સાથે જવાનું કહ્યું અને સાથે સુચના આપી દીધી કે આચાર્ય શ્રીમાન વિજયમેઘસુરીશ્વરજીના શિષ્યો વંદન ક્રિયા કરે તો ભલે પણ તમારે વંદન કરવું નહિં. જો સાગરાનંદસુરીને આચાર્ય વિજયલબ્ધિસુરીના માટે હૃદયમાં સારૂં માન હોય તો, અને વંદન ક્રિયા કરવાનો બાધ હોય તો પોતાના શિષ્યોને જમનાદાસ શેઠના બંગલે નહિં મોકલતાં અપમાન કરવાનું યોગ્ય ધારતજ નહિં. જે ટાઇમે ભગુભાઇના વંડે પહેલા દિવસે આચાર્ય શ્રીમાન વિજયનેમીસુરીશ્વરજીનું વ્યાખ્યાન હતું તે વખતે વિદ્યાશાળામાં બિરાજતા આચાર્ય શ્રીમાન વિજયલક્ષ્મીસુરીજીના શિષ્યો પ્રવિણુવિજયજી, મહિનાવિજયજી વિગેરેને પણ પોતાનો સત્તા શાહી હુકમ બજાવીને વ્યાખ્યાન સાંભળવા જવા દીધેલ નથી! વળી વિદ્યાશાળામાં સાગરાનંદસુરી એટલા બધા ક્ષમાવંત રહે છે કે આચાર્ય શ્રીમાન વિજયમેઘસુરીજીના શિષ્યોને પણ કનડગત કર્યા સિવાય રહી શકતા નથી. સાગરાનંદસુરી એટલા બધા માયાળુ છે કે તેમના પોતાના શિષ્યો તેઓશ્રીના સ્વચ્છંદી વર્તનથી કંટાળી જુદા પડવાની ઉત્કંઠા ધરાવી રહ્યા છે. તેમના સ્વચ્છંદી વર્તનથી તેમના કેટલાક શિષ્યો તો જુદા પડી ગએલ છે. હાલમાં પણ પાલણપુરીવાળા ભક્તિસાગર પણ કંટાળીને બીજા સાધુના સમુદાયમાં રહે છે અને કેટલાક જવાની ઇચ્છા ધરાવે છે. ઉપરનાં બધાં કારણો જોતાં દરેક જૈન બંધુને એમ જરૂર લાગશે કે આટલા દરજ્જે નાલાયક વર્તન ધરાવનાર વ્યક્તિ સમાજનું હિત કરી શકેજ નહિં અને તેથી હું દરેક જૈન બંધુને અરજ ગુજારૂં છું કે જૈન સમાજ આવા સેતાની સાધુઓથી ચેતીને ચાલે, જ્યારે આવા સેતાન સાધુઓથી ચેતશે ત્યારેજ જૈન સમાજ પોતાનું ભલું કરી શકશે એ નિર્વિવાદ છે. **મુની સત્ય સાગર.**

**જોઇએ છે:** સુશિક્ષિત, જ્ઞાનદાન કન્યા માટે લાયક લગ્નનો ઉમેદવાર: ઉમ્મર વર્ષ વીસ થી પચ્ચીસનો. અભ્યાસ, કુટુંબ અને ધંધા વિગેરેની સર્વ માહીતી સાથે લખો:

**ચીમનલાલ C/O શ્રી જૈન યુવક સંઘ પત્રિકા.**

અલતા માણસોએ લખવું નહિં.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, બાવા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચંદાવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.